RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 174* Date: 22.04.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

કોવિશીલ્ડ મોંઘી થઈ

સીરમે કહ્યું- પ્રાઇવેટ હોસ્પિટલમાં ૬૦૦ રૂપિયામાં મળશે વેક્સિન, રાજ્યો માટેનો રેટ ૪૦૦ રૂપિયા

નવી દિલ્હી

સીરમ ઇન્સ્ટિટ્યૂટે બુધવારે કોવિશીલ્ડ વેક્સિનના નવા ફિક્સ રેટ જાહેર કર્યા છે. સીરમે કહ્યું હતું કે પ્રાઈવેટ હોસ્પિટલમાં કોવિશીલ્ડ વેક્સિન ૬૦૦ રૂપિયામાં આપવામાં આવશે. આ પહેલાં આ હોસ્પિટલમાં આ વેક્સિન ૨૫૦ રૂપિયામાં આપવામાં આવતી હતી. રાજ્યો માટે વેક્સિનના ભાવ ૪૦૦ રૂપિયા હશે અને કેન્દ્રને પહેલાંની જેમ જ આ વેક્સિન ૧૫૦ રૂપિયામાં મળતી રહેશે. આગામી બે મહિનામાં વેક્સિનનું પ્રોડક્શન વધારવામાં આવશે. હાલ જેટલી વેક્સિન પ્રોડ્યુસ થાય છે એમાં ૫૦% વેક્સિન કેન્દ્રના વેક્સિનેશન પ્રોગ્રામ અંતર્ગત મોકલવામાં આવે છે, જ્યારે અન્ય ૫૦% વેક્સિન રાજ્યો અને પ્રાઈવેટ હોસ્પિટલમાં મોકલવામાં આવે છે.

અત્યારસુધી સીરમ ઈન્સ્ટિટ્યૂટ ભારત સરકારને ૧૫૦ રૂપિયા પ્રતિ ડોઝના હિસાબે જ વેક્સિન આપી રહી હતી. કેન્દ્ર સરકાર દ્વારા સરકારી હોસ્પિટલમાં આ વેક્સિન નિઃશુલ્ક આપવામાં આવતી હતી, જ્યારે પ્રાઈવેટ સેન્ટર્સ પર ૨૫૦ રૂપિયા પ્રતિ ડોઝના હિસાબે ભાવ નક્કી કરાયા હતા.

ભારત સરકારે હાલમાં વેક્સિનેશનના નવા તબક્કાની જાહેરાત કરી છે. આ તબક્કામાં રાજ્ય સરકાર અને પ્રાઈવેટ હોસ્પિટલ ડાયરેક્ટ વેક્સિન બનાવનારી કંપનીઓ પાસેથી વેક્સિન ખરીદી શકશે. અત્યારસુધી માત્ર કેન્દ્ર સરકાર જ વેક્સિન ખરીદી રહ્યું હતું અને અલગ અલગ રાજ્યોમાં વહેંચી રહ્યા હતા.

કેન્દ્ર સરકારના જણાવ્યા મુજબ, હાલ પણ ૫૦ ટકા વેક્સિન કેન્દ્ર સરકારને મળશે, જ્યારે બાકીની ૫૦ ટકા રાજ્ય સરકાર સીધી જ વેક્સિન બનાવનારી કંપનીઓ પાસેથી લઈ શકશે, સાથે જ પ્રાઈવેટ સેક્ટર પણ આવું કરી શકશે. ભારત સરકારે ૧લી મેથી વેક્સિનેશનના નવા તબક્કાની જાહેરાત કરી છે, જે મુજબ હવે ૧૮ વર્ષથી મોટી ઉમરના તમામ લોકો વેક્સિન લઈ શકશે. સરકારના જણાવ્યા મુજબ ૪૫ વર્ષથી વધુ ઉંમર ધરાવતા લોકોને જે રીતે વેક્સિન લગાડવામાં આવી રહી છે એ યથાવત્ જ રહેશે, એટલે કે સેન્ટર્સમાં તેમના માટે વેક્સિન નિઃશુલ્ક જ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

જાપાનના વડાપ્રધાને ભારતનો પ્રવાસ રદ કર્યો, UK માટેની એર ઈન્ડિયાની તમામ ફ્લાઈટ્સ રદ

કોરોના દેશમાં પ્રથમ વખત એક દિવસમાં 3 લાખ જેટલા નવા દર્દીઓ મળ્યા અને ૨ હજારથી વધુનાં મૃત્યુ

મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૨,૦૯૭, ઉત્તરપ્રદેશમાં ૨૯,૫૭૪, દિલ્હીમાં ૨૮,૩૯૫ લોકોનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો

નવી દિલ્હી

મંગળવારે કોરોનાના આંકડાઓએ એક નવો રેકોર્ડ બનાવ્યો છે. પ્રથમ વખત એક દિવસની અંદર સૌથી વધુ નવા કેસ નોંધાયા છે. આ સિવાય સૌથી વધુ મૃત્યુ થયાં અને સાજા થનારાઓનો પણ રેકોર્ડ બન્યો. છેલ્લા ૨૪ કલાકમાં ૨ લાખ ૯૪ હજાર ૧૧ લોકો સંક્રમિત થયા છે. ગત વર્ષે શરૂઆતથી લઈને અત્યારસુધીમાં એક દિવસમાં મળનારા દર્દીઓનો આ સૌથી મોટો આંકડો છે.

આ ૨૪ કલાકમાં સંક્રમણથી ૨૦૨૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ પહેલાં સપ્ટેમ્બરમાં એક દિવસમાં ૨૦૦૪ મૃત્યુ નોંધાયાં હતાં. જોકે એ વખતે કેટલાક જૂના મૃત્યુના આંકડા પણ તેમાં જોડવામાં આવ્યા હતા. આ બધાની વચ્ચે રાહતની વાત એ છે કે ૨૪ કલાકમાં ૧ લાખ ૬૬ હજાર ૫૨૦ લોકો સાજા થયા. રિકવરીનો આ આંકડો અત્યારસુધીની સૌથી વધુ છે.

બ્રિટન પછી હવે જાપાનના વડાપ્રધાન યોશિહિદે સુગાએ ભારતનો પ્રવાસ રદ કર્યો છે. સુગા આગામી સપ્તાહે ભારત અને ફિલિપિન્સ જવાના હતા. જાપાનના મીડિયા રિપોર્ટ મુજબ દેશમાં વધતા કોરોનાના કેસને જોતા બંને દેશોના વડાપ્રધાને પ્રવાસ રદ કર્યો છે. વડાપ્રધાન બન્યા પછી આ તેમન પ્રથમ ભારત યાત્રા હતી.

બીજી તરફ ૨૪થી ૩૦ એપ્રિલની વચ્ચે UK જનારી એર ઈન્ડિયાની તમામ ફ્લાઈટ્સ પણ કેન્સલ થઈ ગઈ છે. એર ઈન્ડિયાએ જણાવ્યું કે આ દરમિયાન દિલ્હી અને મુંબઈથી UKની વચ્ચે ઓછામાં ઓછી એક ફ્લાઈટને શિડ્યુલ કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

મહારાષ્ટ્ર, દિલ્હી, ઉત્તરપ્રદેશ સહિત ૧૧ રાજ્યમાં સ્થિતિ નિયંત્રણની બહાર જઈ રહી છે. આ રાજ્યોમાં રેકોર્ડ લોકો સંક્રમિત થઈ રહ્યા છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૨,૦૯૭, ઉત્તરપ્રદેશમાં ૨૯,૫૭૪, દિલ્હીમાં ૨૮,૩૯૫, કેરળમાં ૧૯,૫૭૭, કર્ણાટકમાં ૨૧,૭૯૪, છત્તીસગઢમાં ૧૫,૬૨૫, રાજસ્થાનમાં ૧૨,૨૦૧, મધ્યપ્રદેશમાં ૧૨,૭૨૭, ગુજરાતમાં ૧૨,૨૦૬, તામિલનાડુમાં ૧૦,૯૮૬, બિહારમાં ૧૦,૪૫૫ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

૧. મહારાષ્ટ્ર

અહીં મંગળવારે ૬૨,૦૯૭ નવા દર્દીઓ મળ્યા. ૫૪,૨૨૪ દર્દીઓ સાજા થયા અને ૫૧૯નાં મૃત્યુ થયાં. રાજ્યમાં અત્યારસુધી ૩૯.૬૦ લાખ લોકો આ મહામારીથી સંક્રમિત થયા છે, તેમાં ૩૨.૧૩ લાખ લોકોની સારવાર ચાલી રહી છે.

૨. ઉત્તરપ્રદેશ

અહીં મંગળવારે ૨૯,૫૭૪ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો. ૧૪૩૯૧ લોકો રિકવર થયા અને ૧૬૨નાં મૃત્યુ થયાં. અત્યારસુધીમાં અહીં ૯.૦૯ લાખ લોકો સંક્રમિત થયા છે, તેમાંથી ૬.૭૫ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૧૦૧૫૯ દર્દીનાં મોત થયાં છે. ૨.૨૩ લાખ દર્દીની સારવાર ચાલી રહી છે.

૩. દિલ્હી

રાજ્યમાં મંગળવારે ૨૮૩૯૫ લોકો કોરોના સંક્રમિત થયા છે. ૧૯૪૩૦ લોકો રિકવર થયા અને ૨૨૭નાં મૃત્યુ થયાં. અત્યારસુધીમાં અહીં ૯.૦૫ લાખ લોકો સંક્રમિત થયા છે, તેમાં ૮.૦૭ લાખ સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૧૨૬૩૮ દર્દીનાં મૃત્યુ થયાં છે. ૮૫૫૭૫ દર્દી એવા છે, તેમની સારવાર ચાલી રહી છે.

૪. છત્તીસગઢ

રાજ્યમાં મંગળવારે ૧૫૬૨૫ લોકો કોરોના સંક્રમિત થયા છે. આ દરમિયાન ૧૮૭૪૬ લોકો સાજા થયા અને ૧૯૧નાં મૃત્યુ થયાં. રાજ્યમાં ૧.૨૫ લાખ લોકોની સારવાર ચાલી રહી છે. કુલ ૪.૪૨ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે કુલ મોતનો આંકડો ૬૨૭૪એ પહોંચી ગયો છે.

૫. મધ્યપ્રદેશ

રાજ્યમાં મંગળવારે ૧૨૭૨૭ લોકો કોરોના સંક્રમિત થયા. ૮૯૩૭ લોકો રિકવર થયા અને ૭૭નાં મૃત્યુ થયાં. અત્યારસુધીમાં અહીં ૪.૩૩ લાખ લોકો સંક્રમિત થયા છે, તેમાંથી ૩.૫૦ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે. ૪૭૧૨ દર્દીએ જીવ ગુમાવ્યો છે. ૭૮૨૭૧ દર્દીની સારવાર ચાલી રહી છે.

૬. ગુજરાત

રાજ્યમાં મંગળવારે ૧૨૨૦૬ લોકો કોરોના સંક્રમિત થયા છે, ૪૩૩૯ લોકો રિકવર થયા અને ૧૨૧નાં મૃત્યુ થયાં. અત્યારસુધીમાં ૪.૨૮ લાખ લોકો સંક્રમિત થયા છે, તેમાં ૩.૪૬ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૫૬૧૫ દર્દીનાં મૃત્યુ થયાં છે. ૭૬૫૦૦ દર્દી એવા છે, જેમની સારવાર ચાલી રહી છે.

૨૨ દર્દીઓના મૃત્યુ; ૩૫ની સ્થિતિ ગંભીર

નાસિકમાં મોટી દુર્ઘટના:સરકારી હોસ્પિટલમાં ઓક્સિજન ટેક લીક થવાથી સપ્લાઈ ૩૦ મિનિટ સુધી અટકી ગયો

હોસ્પિટલમાં લગભગ અડધો કલાક સુધી ઓક્સિજન સપ્લાઈ અટકી જવાથી દર્દીઓની સ્થિતિ બગાડવા લાગી, આ લીકેજ દરમિયાન ૨૦ કિલો લિક્વિડ ઓક્સિજન વેડફાઈ ગયો

નાસિક

નાસિકની જાકીર હુસૈન હોસ્પિટલમાં બુધવારે ઓક્સિજનનો સપ્લાઈ અટકી જવાથી ૨૨ લોકોના મૃત્યુ થયા છે. કેટલાકની સ્થિતિ હાલ પણ ગંભીર છે. હોસ્પિટલના પ્રશાસનનું કહેવું છે કે ઓક્સિજન ટેક્રમાં લીકેજને રિપેર કરવા માટે ૩૦ મિનિટ સુધી સપ્લાઈ રોકવામાં આવ્યો હતો. જોકે દર્દીઓના સંબંધીઓનો આક્ષેપ છે કે સપ્લાઈ ૩૦ મિનિટ નહિ પરંતુ ૨ કલાક સુધી બંધ હતો. એક વ્યક્તિએ કહ્યું કે મારા પુત્રની પત્નીએ મારી સામે જ ઓક્સિજન ન મળવાના પગલે તડપી-તડપીને જીવ ગુમાવ્યો. જોકે હોસ્પિટલે આ અંગે કઈ જ કર્યું ન હતું.

બપોરે ૧૨.૩૦ વાગ્યે ઓક્સિજન બંધ થયો, ભાઈએ જીવ ગુમાવ્યો

દુર્ઘટનામાં જીવ ગુમાવનારા એક વ્યક્તિના સંબંધીએ જણાવ્યું કે અમે પરિવારના સભ્યોને ગુમાવી દીધા છે. કોણ તેની જવાબદારી લેશે. બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ અચાનક ઓક્સિજન આવવાનો બંધ થઈ ગયો અને મારો ભાઈ તડપી-તડપીને મરી ગયો. તેને ૧૦ દિવસ પહેલા જ દાખલ કરવામાં આવ્યો હતો. ૨ કલાક સુધી ઓક્સિજન બંધ રહ્યો. ઓક્સિજન સિલિન્ડર ન હતો. જો કદાચ સિલિન્ડર હોત તો પણ મારા ભાઈનો જીવ બચી ગયો હોત.

હોસ્પિટલમાં ૨૩૮ દર્દીઓ ઓક્સિજન સપોર્ટ પર

જે સમયે ઓક્સિજનનો સપ્લાઈ રોકાઈ ગયો તે સમયે ૧૭૧ દર્દીઓ ઓક્સિજન પર અને ૬૭ દર્દીઓ વેન્ટીલેટર પર હતા. ઓક્સિજનનો સપ્લાઈ અટકવાથી હોસ્પિટલમાં અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ, ટેક્રથી આવતા સપ્લાઈ પાઈપમાં લીકેજ થયું હતું. હાલ તેને સુધારવામાં આવ્યું છે. આ લીકેજ દરમિયાન ૨૦ કિલો લિક્વિડ ઓક્સિજન વેડફાઈ ગયો. હાલ હોસ્પિટલની સાથે જિલ્લા પ્રશાસને પણ આ લીકેજની તપાસ શરૂ કરી દીધી છે.

સ્થિતિ સુધરી રહી હતી, પરંતુ ઓક્સિજન રોકાતા જ મૃત્યુ

આ ઘટનામાં એક મહિલાનું મૃત્યુ થયું. તેના સસરાએ જણાવ્યું કે ૪ દિવસ પહેલા હોસ્પિટલ લઈને આવ્યા હતા. સ્થિતિમાં સુધારો થઈ રહ્યો હતો. જોકે ઓક્સિજન સપ્લાઈ રોકાતાની સાથે જ તબિયત ખરાબ થવા લાગી અને તેનું મૃત્યુ થયું.

ગૃહમંત્રીએ દુઃખ વ્યક્ત કર્યું

દુર્ઘટના પર ગૃહમંત્રી અમિત શાહે સંવેદના વ્યક્ત કરી. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યુ નાસિકની એક હોસ્પિટલમાં ઓક્સિજન લીક થવાથી થયેલી દુર્ઘટનાના સમાચાર સાંભળી દુઃખી છું. આ દુર્ઘટનામાં જે લોકોએ પોતાના સ્વજન ગુમાવ્યા છે, તેમની અપૂરણીય ક્ષતિ પર પોતાનું દુઃખ વ્યક્ત કરું છું. બાકી તમામ દર્દીઓની કુશળતા માટે ઈશ્વરને પ્રાર્થના કરુ છું.

જીવ ગુમાવનારા તમામ કોરોનાના દર્દીઓ, હવે તપાસ શરૂ

સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપેએ જણાવ્યું કે ૧૧ મહિલાઓ અને ૧૧ પુરુષો આ દુર્ઘટનામાં જીવ ગુમાવ્યો છે. તમામ કોરોના દર્દીઓ હતા. આ ઘટનાની તપાસ શરૂ થઈ ગઈ છે. તેના માટે આઈએસ અધિકારી, એન્જિનિયર, એક સિનિયર ડોક્ટરની ટીમને જવાબદારી સોંપવામાં આવી છે. જે કંપની અહીં ઓક્સિજન ભરવાનું કામ કરે છે, તે જાપાનની એક મલ્ટીનેશનલ કંપની છે અને ઘણા વર્ષોથી ઓક્સિજન સપ્લાઈ કરી રહી હતી.

કોવેક્સિન કોરોનાના અનેક વેરિયેન્ટ્સ પર અસરકારક:ડબલ મ્યૂટેન્ટ વેરિયેન્ટને પણ સમાપ્ત કરી નાખે છે કોવેક્સિન

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)એ મંગળવારે સારા સમાચાર આપ્યા છે. ICMRએ કહ્યું હતું કે કોવેક્સિન ડબલ મ્યૂટન્ટ કોરોના વેરિયેન્ટને પણ સમાપ્ત કરી નાખે છે. પોતાના અભ્યાસના આધારે ઈન્સ્ટિટ્યૂટે કહ્યું હતું કે બ્રાઝિલ વેરિયેન્ટ, યુકે વેરિયેન્ટ અને સાઉથ આફ્રિકન વેરિયેન્ટ પર પણ આ વેક્સિન અસરકારક છે અને એને પણ એ સમાપ્ત કરી નાખે છે.

કોવેક્સિન અંગ ICMRએ રાહત પહોંચાડનારા સમાચાર તો આપ્યા છે, પરંતુ હવે કોરોનાના નવા વેરિયેન્ટ મુશ્કેલી વધારી રહ્યા છે. વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ, દેશમાં હવે કોરોનાના ટ્રિપલ મ્યૂટન્ટ વેરિયેન્ટ ફેલાઈ રહ્યો છે. કોરોનાના ત્રણ અલગ-અલગ સ્ટ્રેનથી આ નવો વેરિયેન્ટ બન્યો છે. વિશેષજ્ઞોનું માનવું છે કે દિલ્હી, બંગાળ અને મહારાષ્ટ્ર જેવાં રાજ્યોમાં લોકો આ વેરિયેન્ટનો જ શિકાર બની રહ્યા છે.

સ્વદેશી કોવેક્સિનની ટ્રાયલનાં પરિણામ ઘણાં જ સારાં આવ્યાં છે. ફેઝ-૩ની ક્લિનિકલ ટ્રાયલ્સનાં અંતિમ પરિણામ મુજબ, આ વેક્સિન ૮૧% સુધી અસરકારક સાબિત થઈ છે. સરકારે જાન્યુઆરીના પહેલા સપ્તાહમાં વેક્સિનને ઈમર્જન્સી અપ્રવૂલ આપ્યું હતું. સરકારનો આ નિર્ણય વિશેષજ્ઞોના નિશાને હતો, કેમ કે તેમણે ફેઝ-૩નાં પરિણામો જોયાં વગર જ તેને ઈમર્જન્સી અપ્રવૂલ આપી હતી, જેનો તેમણે વિરોધ કર્યો હતો.

હૈદરાબાદની કંપની ભારત બાયોટેકે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)ની સાથે મળીને આ વેક્સિન ડેવલપ કરી છે. ખાસ વાત એ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક મંત્રીઓએ હાલમાં કોવેક્સિનના જ ડોઝ લીધા છે.ઝ્રઈના મહાનિર્દેશક ડૉ. બલરામ ભાર્ગવનું કહેવું છે કે ૮ મહિનાથી પણ ઓછા સમયમાં પ્રભાવી કોરોના વેક્સિન-કોવેક્સિન વિકસિત કરવામાં આવી છે અને આ આત્મનિર્ભર ભારતની યોગ્ય તસવીર રજૂ કરે છે. ભારત બાયોટેકના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર ડૉ, કૃષ્ણા એલ્લાનું કહેવું છે કે ક્લિનિકલ ટ્રાયલ્સના ત્રણેય ફેઝમાં ૨૭ હજાર વોલન્ટિયર્સ પર વેક્સિનનો પ્રયોગ કરાયો છે. ફેઝ-૩ ક્લિનિકલ ટ્રાયલ્સનાં પરિણામથી એ સાબિત થઈ ગયું છે કે કોવેક્સિન કોરોનાવાયરસ વિરુદ્ધ અસરકારક છે. આ વેક્સિન ઝડપથી સામે આવી રહેલા કોરોનાવાયરસના અન્ય વેરિયેન્ટ્સ વિરુદ્ધ પણ અસરકારક છે. કોવેક્સિન કે BBV152 એક વ્હોલ વાયરોન ઈનએક્ટિવેટેડ SARS-CoV-2 વેક્સિન છે, જેને વેરો સેલ્સથી બનાવવામાં આવી છે. આ રથી ૮ ડીગ્રી સેલ્સિયસ પર સ્ટેબલ રહે છે અને રેડી-ટુ-યુઝ લિક્વિડ ફોર્મેશનમાં ટ્રાન્સપોર્ટ કરવામાં આવે છે. હાલની વેક્સિન સપ્લાઈ ચેન ચેનલ્સ માટે આ ઉપયુક્ત છે. મ્ફ૧૫૨ની સાથે ૨૮ દિવસની ઓપન વાયલ પોલિસી પણ છે, જે વેક્સિનના વેસ્ટેજને ૧૦-૩૦% સુધી ઓછું કરે છે.

કોરોના પોઝિટિવ વૃદ્ધ મહિલા ત્રણ દિવસથી મૃત હાલતમાં પડી હતી, કુતરાઓ મૃતદેહ ખાતા હતા

UPના લખનઉમાં એક વૃદ્ધ મહિલાને કોરોના વાઈરસને લીધે મૃત્યુ થઈ ગયું છે. ત્રણ દિવસથી મહિલાની લાશ ઘરની અંદર પડી રહી હતી. જ્યારે પડોશમાં ગંધ આવવા લાગી તો તેમણે પોલીસ તથા નગર નિગમને માહિતી આપી હતી. ત્યારબાદ કેટલાક સમાજસેવી લોકોએ પોલીસ અને નગર નિગમના અધિકારીઓએ મૃતદેહને રૂમમાંથી બહાર કાઢ્યો હતો અને પોસ્ટમોર્ટમ કરાવવા મોકલ્યો હતો. લખનઉના મડિયાંવ વિસ્તારના ભગત નગરમાં સવિતા નામની વૃદ્ધ મહિલા એકલી રહેતી હતી. વૃદ્ધ મહિલાએ ગામના ત્રણ લોકોને ભાડા પર રૂમ આપ્યા હતા. દરમિયાન ભાડુતો પંચાયત ચૂંટણીમાં પોતાના ગામ જતા રહ્યા હતા અને મહિલા ઘરમાં એકલી રહેતી હતી.આ કેસમાં સમાજસેવી ઈમદાદનું કહેવું છે કે તેમને ફોન પર માહિતી મળી હતી કે કોવિડ સંક્રમિત વૃદ્ધ મહિલાનું તેના ઘરે મોત થયું છે. જે ઘરે એકલી રહેતી હતી. મહિલાનો મૃતદેહ જમીન પર પડ્યો હતો,જે સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો અને શરીરના અંગ કુતરાઓ ખાતા હતા, મૃતદેહની આજુબાજુ ત્રણ જાનવરો હતા.

ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૨૫૫૩

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૪૪૦૭૩૧

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૨૫

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૪૮૦૨

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૩૫૦૯૬૫

તંત્રી સ્થાનેથી...

નાસિક જેવી દુર્ઘટનાની હજુ ય ભીતિઃઓક્સિજનનો સપ્લાય પોતે જ વેન્ટિલેટર પર કેમ મૂકાઈ ગયો?

દિલ્હીની સરકારે કેન્દ્ર સરકારને મંગળવારે મોડી રાત્રે જણાવ્યું કે રાજયમાં માત્ર ૬ કલાક ચાલે એટલો જ ઓક્સિજન પૂરવઠો છે. તાકિદે વ્યવસ્થા કરવામાં નહિ આવે તો મૃત્યુદર બહુ ઊંચો જઈ શકે છે. મહારાષ્ટ્ર સરકારે સોમવારે સત્તાવાર નિવેદનમાં કહ્યું હતું કે રાજ્યમાં ઓક્સિજન સપ્લાયની તીવ્ર અછત છે. ઘરેલુ ઉત્પાદકો સપ્લાય પૂરો પાડી શકતાં નથી અને અન્ય પ્રાંતોમાંથી પણ ઓક્સિજન મેળવવો મુશ્કેલ બન્યો છે. આ બે રાજ્યોની સમાંતરે ગુજરાતના કોરોના સંક્રમિતો ઓક્સિજનના અભાવે કેવી હાલાકી ભોગવી રહ્યા છે એ રોજેરોજના સમાચારોમાં જાણવા મળે છે.

મહામારીના સમયમાં માંગ વધશે તેનો આગોતરો ખ્યાલ રાખીને ઉત્પાદન વધારવાના પ્રયાસો એક વર્ષ અગાઉ થવા જોઈતા હતા. પરિણામે હવે તરસ લાગી ત્યારે કૂવો ખોદવાનો વારો આવ્યો છે. હજુ પણ સપ્લાય ચેઈન અને સ્ટોરેજ નેટવર્કની સમસ્યા પણ ઓક્સિજનની અછતને વધુ વકરાવી શકે છે. નાસિકમાં નબળી સ્ટોરેજ ટેકમાં ઓક્સિજન લિક થયો એ દર્શાવે છે કે સ્ટોરેજના પર્યાપ્ત સંસાધનો ન હોવા છતાં અત્યારે ચારેતરફ અંધાધૂંધીમાં ચોક્સાઈ રાખી શકાતી નથી. પરિણામે વધુ આવી ઘટના પણ નકારી શકાય નહિ. શ્વાસની અછતમાં મહારાષ્ટ્ર મોખરે, ગુજરાત ત્રીજુ કેન્દ્ર સરકારે કોવિડ મહામારી દરમિયાન મેડિકલ સપ્લાય અને આવશ્યકતાઓ પૂરી પાડવા માટે એમ્પાવર્ડ ગ્રુપ-૨ (ઈ-૨)ની રચના કરી છે જેમાં આરોગ્યમંત્રી સહિત અન્ય મંત્રીઓ, કેબિનેટ સેક્રેટરીથી માંડીને વિવિધ અધિકારીઓ તેમજ નિષ્ણાંતો સામેલ હોય છે. ઈ-૨એ તારવેલા આંકડા પ્રમાણે, દેશભરમાં કુલ ૧૨ રાજ્યો ઓક્સિજનની અછતનો સામનો કરી રહ્યાં છે, જેમાં મહારાષ્ટ્ર મોખરે છે. ત્યાર પછીના ક્રમે દિલ્હી, મધ્યપ્રદેશ અને ગુજરાત છે. આ સિવાય કર્ણાટક, ઉત્તરપ્રદેશ, કેરળ, તામિલનાડુ, પંજાબ અને હરિયાણામાં પણ સ્થિતિ મુશ્કેલ બનવાની છે. મહારાષ્ટ્ર એક્ટિવ કેસઃ ૬.૮૩ લાખ ઓક્સિજનની જરૂરિયાતવાળા દર્દીઃ ૧૦ ટકા ઓક્સિજનની રોજિંદી જરૂરઃ ૧૪૦૦ ટન મધ્યપ્રદેશ એક્ટિવ કેસઃ ૭૮૨૭૧ ઓક્સિજનની જરૂરિયાતવાળા દર્દીઃ ૭ ટકા ઓક્સિજનની જરૂરઃ ૨૫૦ ટન ગુજરાત એક્ટિવ કેસઃ ૭૬૫૦૦ ઓક્સિજનની જરૂરિયાતવાળા દર્દીઃ ૧૦ ટકા ઓક્સિજનની જરૂરઃ ૬૦૦ ટન સતત વધી રહેલી ઓક્સિજનની ઘટ પૂરી કરવા માટે હાલ ઈન્ડસ્ટ્રિયલ ઓક્સિજનનું ઉત્પાદન ઘટાડીને ઘરઆંગણે મેડિકલ ઓક્સિજનનું ઉત્પાદન વધારવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ ઉપરાંત ૨૦૦૦ ટન ઓક્સિજન આયાત પણ કરવામાં આવશે. હાલ તાત્કાલિક જરૂરિયાત પૂરી કરવા માટે તેલંગણા, આસામ, બિહાર, ઝારખંડ જેવા રાજ્યો ઓક્સિજનનો સરપ્લસ જથ્થો જરૂરિયાતમંદ ૧૨ રાજ્યોને આપી રહ્યા છે.

કોરોના મહામારીના ગત વર્ષના પ્રથમ વેવ દરમિયાન ઓક્સિજન કરતાં પણ વેન્ટિલેટર પર લેવા પડે એવા પેશન્ટની સંખ્યા વધુ હતી. એથી વિપરિત સેકન્ડ વેવમાં વેન્ટિલેટરની આવશ્યકતા ઘટી છે પરંતુ તેની સામે ઓક્સિજનની જરૂરિયાત સતત વધતી જાય છે. એ માટે વાયરસના બદલાયેલા સ્ટ્રેનને લીધે શ્વસનતંત્ર પર ઝડપથી થતી અસરને કારણભૂત ગણાય છે. પ્રથમ વેવમાં ઓક્સિજનની જરુરિયાત ૪૧.૧ ટકા હતી, જે બીજા વેવમાં વધીને ૫૮.૫ ટકા થઈ છે. તેની સામે વેન્ટિલેટરની જરૂરિયાત પ્રથમ વેવમાં ૩૭.૫ ટકાથી ઘટીને હાલ ૨૭.૨ ટકા થઈ છે. મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર (ર્ફ્ઝ્ઁઙ્ઘઉ)ના ૧૨ એપ્રિલના સત્તાવાર આંકડા મુજબ, દેશભરમાં હાલ ૩૮૪૨ મે. ટનની દૈનિક ખપત છે, તેની સામે ઉત્પાદન ૭૨૮૭ મે. ટન છે. અર્થાત ઉત્પાદનના ફક્ત ૫૪ ટકા જ ખપત છે. એટલે શોર્ટેજ તો થવી ન જોઈએ. છેલ્લાં એક અઠવાડિયામાં ઓક્સિજનની ખપત દૈનિક ૨૦૦૦ ટન વધી હોય તો પણ દૈનિક વપરાશ ૬૦૦૦ ટન જેટલો હોઈ શકે. એ સંજોગોમાં દરરોજ આશરે ૧૦૦૦ ટન જેટલો સરપ્લસ જથ્થો રહે. તો પછી દેશભરમાં ઓક્સિજનની આટલી તીવ્ર અછત સર્જાવાનું કારણ શું હોઈ શકે?

આગમવાણી : દેવાયત પંડિત

બેટી કમાશે બાપ ખાશે, ભૂંડો આવશે કાળ,
માવતર જણ્યા મેલશે, ભૂપ લેશે ના ભાળ;
ભૂપ લેશે ના ભાળ, માણસ માણસ ને ખાશે,
સત્ય છુપાશે સુતલ, જૂઠ્ઠા જગ વખણાશે;
જીવતા જોશે લાખણા, પાપીનાં ચડશે પાળ,
બેટી કમાશે બાપ ખાશે, ભૂંડો આવશે કાળ !
ભેળો સાળો ભુવનમાં, રહેશે દિવસ ને રાત,
કજિયાખોર કામિની, ઘણી જ ઓરશે ઘાત,
ઘણીજ ઓરશે ઘાત, બોલાવી બમણી બોલે,
એક કહો તાં તેર, સુણાવશે હોલે હોલે;
જીવતાં જોશે લાખણા, નહીં હોય નાત જાત,
ભેળો સાળો ભુવનમાં, રહેશે દિવસ ને રાત !
વિધવા શણગાર સજસે, સુહાગણ વિધવા વેશ,
સુંદરી મુંડન કરાવશે, હશે નર ને લાંબા કેશ;
નર ને લાંબા કેશવળી, ચાલશે છટકા કરતો,
બેઠી હશે બાઇ બાકડે, પુરુષ પાણી ભરતો;
જીવતા જોશે લાખણા, આ દેશ થશે પરદેશ,
વિધવા શણગાર સજસે, સુહાગણ વિધવા વેશ !
વાદળિયું વહેતી થશે, પવને કરી પલાણ,
ધરતી રહેશે તરસતી, નદિયુ સુકાશે નવાણ;
નદિયુ સુકાશે નવાણ, ખોરા સૌ ધાન જ ખાશે
મહેલો થાશે મસાણ, ત્યાં રમશે ચુડેલુ રાસે;
જીવતા જોશે લાખણા, ભુખરા ઉગશે ભાણ,
વાદળિયું વહેતી થશે, પવને કરી પલાણ !
દરિયો ડુંગર ચડશે, ડુંગર થય જાશે ધાર,
જંગલ જંગલ નહીં રહે, વસ્તિનો થશે વિસ્તાર;
વસ્તિનો થશે વિસ્તાર, વનચર નગર વસશે,
તસુ ધરા ને કાજ, બેટા બાપ ને મારવા ધસશે;
જીવતા જોશે લાખણા, ભાઈ ભાઈ નો ખાર,
દરિયો ડુંગર ચડશે, ડુંગર થય જાશે ધાર !!
-દેવાયત પંડિત
ફોલો કરજો ૧૦૦% સત્ય થવા જઇ રહયું છે.....

કોરોનાએ ઈતિહાસ ના પાને અમર થઈ જવાની તક આપી છે,ભક્તોએ આ સોનેરી અવસર ઝડપી લેવો જોઈએ

દવા , ઈન્જેક્શન, ઈલાજ, ઓક્સીજન, બેડ, વેન્ટીલેટર તથા સ્મશાનમાં લાકડા બધું ખુટી પડે એ મોદી સાહેબ ને પોસાય , ભક્તોની શ્રધ્ધા ખુટી પડે એ ના પોસાય. ભક્તોની ખુટી ગયેલી ધીરજનો લાભ દેશદ્રોહી લોકો ઉઠાવી લેવાની એકપણ તક જતી ના કરતાં હોય ત્યારે ભક્તોનુ દવાખાનાઓ ને રેમડીસીવીર પાછળ ભાગંભાગ કરવું એ મોદીજી માટે જોખમી સાબિત થઈ શકે તેમ છે .સામે બારણે મોત આવતુ જોઈને ×આવશે તો મોદીજ× નો આત્મવિશ્વાસ ગુમાવી બેસવુ મોદી સાહેબને પાલવે તેમ નથી .×બીચ્ચારા એકલા મોદી શું કરે?× આ ભક્તિસુત્ર ને આત્મસાત કરવાની તક સાંપડી છે ત્યારે કોરોના ની મહામારી સામેના મુક્તિ સંગ્રામમાં મોદીજી ની પડખે રહી સર્વસ્વ ન્યોછાવર કરવાની સોનેરી તક ભક્તોએ ઝડપી લેવી જોઈએ .

મીસકોલીયા થી લઈ રજીસ્ટર્ડ ,નોન રજીસ્ટર્ડ ભક્તો ઉપરાંત કમલછાપ ભક્તોની દેશમાં કરોડોની ફોજ છે . આ તમામ માટે મોદીજી નુ ભાષણ જ ઓક્સીજન નુ કામ કરે છે . તો આ તમામ કરોડો ભક્તો ×જો અમે કે અમારા પરિવારના કોઈ સદસ્ય ને ઓક્સીજન ની જરૂર હશે તો મોદીજી ના ભાષણ સાંભળી ચલાવી લેશુ× એવો સામુહીક સંકલ્પ કરે તો મોદી સરકાર ને કેટલી મોટી રાહત થાય ?.

રેમડીસીવીર ના બદલે આયુષ ની શમશમવટી કે રામદેવની કોરોનીલ ખાઈ ઘરે જ પડ્યા રહેશુ એવો નિર્ધાર જાહેર કરે તો નિરાધાર બનેલા આરોગ્યતંત્ર ને એક આધાર મળે . વેન્ટીલેટરની જરૂર હોય એમને આપો અમે તો ધમણ હશે તો પણ ચલવી લઈશુ એવુ મનોબળ ભક્તો કેળવે તો મોદીજી ને નવુ બળ મળે . કરોડો ભક્તોનો આ ત્યાગ અપુરતી આરોગ્ય વ્યવસ્થા ને દુરસ્ત કરી શકે જેનો સીધો રાજકીય લાભ એમના આરાધ્ય ને મળે . મંદીર જરૂરી કે હોસ્પિટલ વાળો વિરોધીઓ નો સવાલ બુઠો થઈ જાય જેથી હીંદુત્વ નો ઠેકો પણ અકબંધ રહે .

બની શકે કે મોદીજી ને સહકાર આપવા આ બધુ કરવા જતાં જીવ ગુમાવવાનો વારો આવે , પરંતુ આ બલિદાન વ્યક્તિવાદી નુ લેબલ હટાવી રાષ્ટ્રવાદી ની પંગતમાં ભક્તો ને બેસાડી શકે . આમેય સાવરકર બની આખી જીંદગી મ્હેણા ખાવા કરતા ભગતસિહ બની ખપી જવુ વધુ બહેતર ગણાય . સંઘીઓ ને દેશ માટે શુ કર્યુ ? એવો સવાલ નિરૂત્તર કરી દે છે એવી સ્થિતિ હવે લખાનાર ઈતિહાસ માં ભક્તોની નહી થાય એ લાભ પણ લટકાનો . સરહદ પર શહીદ થતા સિપાહીઓ નુ શૌર્ય વટાવી ખાનાર આરાધ્ય ભક્તો ના બલિદાન પર વિશ્વગુરુ બને તો ગૌરવપ્રદ જ લેખાય. કરોડો ભક્તો પૈકી બે પાંચ હજાર કોરોના યજ્ઞ મા આહુતિ આપી ને મોદીજી ને બદનામ કરનારાઓ ને પરાસ્ત કરવાનુ ઝમીર દાખવે તો મોદી અને દેશ બન્નેનુ ભલુ થશે. દેશનો ઈતિહાસ કોરોના મુક્તિના લડવૈયાઓ તરીકે યાદ રાખશે. ભક્તોએ આ સોનેરી તક ઝડપી લેવી જોઈએ.

પાળીયા થઈને પુજાવુ કે સ્મશાન ની આગમાં ભુંજાવુ એ ભક્તો એ વિચારવુ રહ્યું...

વ્યંગ - રાજેશ ઠાકર

કોંગ્રેસનાં ધારાસભ્યે ૨૫ લાખની ગ્રાન્ટ નવા વેન્ટીલેટર માટે ફાળવી

ગાંધીનગર

કોંગ્રેસના ધારાસભ્ય ગાંધીનગર ઉત્તર ના ઓ એ પોતાની ગ્રાન્ટમાંથી નવા વેન્ટિલેટર ની ખરીદી માટે સિવિલને ૨૫લાખ ફાળવવા કલેકટરની જણાવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર સિવિલમાં કોરોના દર્દીઓ ને સારી સારવાર મળે તે માટે ગાંધીનગર ઉત્તર ના કોંગ્રેસના ધારાસભ્ય સી .જે. ચાવડા આગળ આવેલ છે. તેઓએ પોતાની ૨૦૨૧- ૨૦૨૨ ની એમ. એલ.એ ગ્રાન્ટમાંથી કોવિડ ના દર્દીઓને ઈમર્જન્સીમાં સારી સારવાર મળે તેમજ ઓક્સિજન સુવિધા ઉભી કરવા અને નવા વેન્ટિલેટર ની ખરીદી કરવા આ રકમનો ઉપયોગ કરવા જણાવેલ છે. નોંધનીય બાબત એવી છે કે ગાંધીનગર સિવિલ ને સરકાર દ્વારા ૩૫ જેટલા નવા વેન્ટીલેટર ફાળવવામાં આવ્યા હતા તેના બીજા દિવસે જ ૨૫ જેટલા વેન્ટીલેટર અમદાવાદને બારોબાર આપી દીધા છે.

આમ નિર્ણય કરીને અમદાવાદની એસ.વી.પી હોસ્પીટલ ૨૫ વેન્ટીલેટર આપી દેતાં આવનારા સમયમાં કોરોનની મહામારીમાં નવા ગંભીર દર્દીઓની સારવારમાં મોટી આપતી આવશે તેમજ આવા દર્દીઓને સમયસર સારવાર ઉપલબ્ધ થતા તેઓ પ ોતાનું જીવ ખોશે. આમ ભવિષ્યનો વિચાર કર્યો વગર સિવિલ તંત્રએ ૨૫ જેટલા વેન્ટિલેટર અમદાવાદ પધરાવી ને જાણે પોતાની સોચ નું પ્રદર્શન કર્યું છે તેવી ચર્ચા સિવિલ વર્તુળમાં ચર્ચાઈ રહ્યા નું જણવા આવ્યું છે. તજેથી આ કટોકટી વાળા સમયમાં ગાંધીનગર ચઉત્તરૂ ના ધારાસભ્યે નવા વેન્ટિલેટર ખરીદવા માટે આપેલ ગ્રાન્ટની રકમ સંકટ સમયની સાંકળ સાબિત થવા પામી છે.હવે જિલ્લા કલેકટર અને આયોજન અધિકારી એ આ ગ્રાન્ટ ના પૈસા પણ દુરુપયોગ નહી થાય તેવું જોવું રહ્યું .

નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટી તરફથી કોવીડ ૧૯ હોસ્પિટલમાં કોઈ હેલ્પ લાઈન ચાલુ કરવામાં આવી.

રાજપીપળા,તા.૨૧

નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટી તરફ થી કોવિડ ૧૯ હોસ્પીટલમા કોવીડ હેલ્પલાઇન ચાલુ કરવામા આવી છે.આ પ્રસંગે નર્મદા જિલ્લા ભાજપા મહામંત્રી નિલભાઈ રાવ, રાજપીપળા નગરપાલિકા ના પ્રમુખ કુલદિપસિંહ ગોહિલ, રાજપીપળા શહેર મહામંત્રી અજીતભાઇ પરીખ, યુવા મોરચાના જિલ્લા ઉપપ્રમુખ વિક્રાંતભાઈ વસાવા, રાજપીપળા શહેરમંત્રી વિપુલભાઈ માછી, શંકરભાઈ તડવી અને પ્રેમ વસાવા ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં આ કોવિડ હેલ્પલાઇન દ્વારા લોકો ને પડતી અગવડ તથા મુંઝવણનુ યોગ્ય નિવારણ કરવામાં આવ્યું અને દર્દીના સાથે આવેલા પરીવારજનોને દિવસ તથા રાત્રી ભોજન પણ આપવામાં આવ્યું. કોરોનામાં ભાજપના કાર્યકરોની સેવા લોકોએ બિરદાવી હતી.

રિપોર્ટ: જ્યોતિ જગતાપ,રાજપીપળા

પૃથ્વીની વય વધારવી આપણું કર્તવ્ય

લોકો કુદરતી સ્રોતોનો વિવેકપૂર્વક ઉપયોગ કરે અને હવા, પાણી, જમીન તથા અવાજનું પ્રદૂષણ ઘટાડે તે હેતુથી સૌને જાગૃત કરવા ૨૨ એપ્રિલ,૧૯૭૦ થી પૃથ્વી દિવસ મનાવવાનું શરૂ કરાયું હતું.

તે વખતના અમેરિકાના સાંસદ ગેરોલ્ડનેશનલે પૃથ્વી દિવસ મનાવવાનો પ્રારંભ કરાવ્યો હતો. પાણી, વનસ્પતિ, ખનીજ તેલ જેવા કુદરતી સ્રોતોના બેફામ ઉપયોગના કારણે આજે વિશ્વમાં પાણી, શુધ્ધ હવા જેવા સ્રોતોની ખેંચ વર્તાઈ રહી છે.

પૃથ્વી ઉપર ભારણ વધ્યું છે. તેથી જ કદાચ કુદરતે કોરોના મહામારી જેવી પરીસ્થિતિનું સર્જન કર્યું છે. પૃથ્વીના ગુણગાન અને તેની પૂજા વેદોમાં કરવામાં આવે છે. ઋગ્વેદ ઉપરાંત અર્થવવેદના બારમા મંડળના ભૂમિક સૂક્તમાં પૃથ્વીની ઉત્પત્તિ વિશે બતાવ્યુ છે. બ્રહ્મા અને વિશ્વકર્મા વગેરે દેવતાઓને કારણે પૃથ્વી પ્રગટ થઇ. આ સૂક્તમાં ૬૩ મંત્રોમાં પૃથ્વીની વિશેષતા અને તેના પ્રતિ મનુષ્યોના કર્તવ્યોનો બોધ કરાવ્યો છે. જે રીતે માતા પોતાના પુત્રોની રક્ષા માટે ભોજન પ્રદાન કરે છે એ જ રીતે માતાની રક્ષા કરવી પુત્રોનુ પણ કર્તવ્ય છે. જયારે વિશ્વકર્માએ અંતરિક્ષમાં હવન કર્યુ તો પૃથ્વી અને તેમા છિપાયેલા ભોજ્ય પદાર્થ પ્રગટ થઈ ગયા. જેનાથી ધરતી પર રહેનારા લોકોનુ પાલણ પોષણ થઈ શકે. મતલબ ભગવાન વિશ્વકર્માએ જયારે લોકકલ્યાણની ભાવનાથી હવન કર્યું ત્યારે બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવતા પ્રગટ થયા અને બધા દેવતાઓમાંથી શક્તિનો અંશ કાઢ્યો અને એક શક્તિ પૂંજ બની ગયુ. પછી એ શક્તિ પુજ ધરતીના રૂપમાં બદલાઈ ગયું.

વેદોમાં પૃથ્વીને માતા માનવામાં આવે છે. તેથી તેની સુરક્ષા આપણુ કર્તવ્ય છે. ધરતીને પવિત્ર અને મા નુ રૂપ માનતા આપણે તેનાથી મળનારા પદાર્થોને વ્યર્થ ન જવા દેવા જોઈએ. પ્રદૂષણ અને ગંદકી વધવાથી રોકવી જોઈએ અને પૃથ્વી પર વધુથી વધુ વૃક્ષ ઉગાડવા જોઈએ. પૃથ્વીને સ્વસ્થ રાખવા વીજળી બચાવવી જોઈએ જેનાથી ગ્લોબલ વોર્મિંગની સ્થિતિથી બચી શકાય છે, પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ ન કરવો જોઈએ, પ્લાસ્ટિકને કારણે પૃથ્વી પર અતત ગંદકી વધી રહી છે, કેમિકલ અને તેનાથી બનેલી વસ્તુઓનો ઉપયોગ કરવાથી બચવું જોઈએ કેમિકલથી પૃથ્વી પર પાણી, હવા અને માટી એટલે કે દરેક પ્રકારનું પ્રદૂષણ ફેલાય છે. તેને રોકવુ જોઈએ. જીવહત્યા અટકાવવી જોઈએ.

- મિત્તલ ખેતાણી

લોકડાઉન એટલે ઇકબાલગઢ ના તમાકુ વેંચતા વેપારીઓ માટે ઘી.. કેળા

અગાઉ લોકડાઉનમાં મલાઈ ચાટી ગયેલ વેપારીઓ ફરીથી મલાઈ ચાટવાની ફિરાગમાં



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

અમીરગઢ તાલુકાના ઇકબાલગઢ ગામ વેપારની દ્રષ્ટિએ દિન-પ્રતિદિન હરણફાળ ભરી રહી છે ઈકબાલગઢમાં આજુબાજુ ગામડાની ગરીબ અને ભોળી પ્રજા રોજિંદી ઘર વપરાશની ચીજ વસ્તુઓની ખરીદી કરવા માટે આવતી હોય છે. ફરી lockdown થવાના નામે ઇકબાલગઢના વેપારી જાણે ઘી કેળા હોય તેમ માલ નો કાળા બજાર કરી ભરપૂર ફાયદો ઉપાડી રહ્યા છે હાલમાં દેશમાં કોરોના વાઇરસ હાહાકાર મચાવેલ છે ગુજરાત રાજયના અનેક જિલ્લા અને તાલુકામાં સ્વૈચ્છિક lockdown જાહેર કરેલ છે ગુજરાત સરકાર દ્વારા સંપૂર્ણ ર્ઈષ્ઠાર્ઙ્ઘહ જાહેર કરવામાં આવશે એવી રાહ જોઈ બેસેલા ઇકબાલગઢના વેપારીઓ દ્વારા બીડી ગુટકા તમાકુ નો માલ સંગ્રહ કરવાનું ચાલુ કરી દીધું છે ઇકબાલગઢ માર્કેટમાં ગુટખાના માલની અછત ઊભી કરી અને ઇકબાલગઢના વેપારીઓ દ્વારા વિમલ,જાફરી,સિલ્વર,બીડી, જેવી તમાકુ પ્રોડક્ટ ની અંદર ૧૦ થી ૨૦ ટકાનો ભાવ વધારો ઝીકી દીધો છે દેશની પ્રજા કોરોના સામે ઝઝૂમી રહી છે ત્યારે ઈકબાલગઢના વેપારીઓ માલ સમાન તેમજ તમાકુ પ્રોડક્ટ ની સંગ્રહ ખોરી કરી અને મલાઈ ચાટવાની ફિરાકમાં છે.જયાં બીડી અને તમાકુના બંધાણીઓ ને લૂંટવા ઇકબાલગઢ વેપારીઓ તૈયાર બેઠા છે ગરીબ અને ભોળી પ્રજા લૂંટાય તેના પહેલા તંત્ર દારા સંગ્રહ ખોર વેપારી ઓ પર કાર્યવાહી કરી કાયદાનું ભાન કરાવે તેવી ઉગ્ર માંગ છે.

પશુઓની કાળજી, પશુ પ્રત્યે પ્રેમ એ સુખી અને સ્વસ્થ જીવનનો આધાર : નવું સંશોધન

અમેરીકન મીડિયામાં એક સમાચાર પ્રસિધ્ધ થયા એ મુજબ શ્વાનો, બિલાડીઓ કે અશ્વો નહીં, પણ ગાયો એટલે કે ગૌમાતા ત્યાંના ન્યુયોર્ક સ્થિત નેપલ્સમાં આવેલા માઉન્ટેન હોર્સ ફોર્મમાં સૌને આગવો 'કાઉ કડલીંગ' એટલે કે અબોલ જીવોને લાડ લડાવવાનો અનુભવ કરાવે છે. ગાયો માત્ર ચારો ચરતા પશુથી ક્યાંય વધુ ચંચળ અને સમજદાર અબોલ જીવ છે, જે મીઠી રમતમાં પણ જોડાય છે, લાગણીઓ દર્શાવે છે અને આગવું વ્યક્તિત્વ પણ ધરાવે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે માનવીની તુલનામાં ગાયોના શરીરનું તાપમાન વધુ હોય છે આશરે ૧૦૧ ડિગ્રી ફેરનહીટ અને તેમના હૃદયના ધબકારાની ગતિ ઓછી હોય છે. આ બંને ગુણો માનવીને હળવાફૂલ કરવામાં ઉપયોગી થાય છે. જયારે ભોજન પચાવવાનું હોય ત્યારે ગાયોને કશેક કડલીંગ ગમતું હોય છે, જે માનવીને તેમની બાજુમાં બેસીને ગાયોને પસરાવવાની તક આપે છે. જયારે અસંખ્ય લોકો પ્રકૃતિ સાથેનો નાતો ગુમાવી ચૂકયા છે ત્યારે આ થેરાપી કુદરત સાથે સંબંધ જાળવવા માટે ફાયદારૂપ નીવડે છે. ગાય બહુ સંવેદનશીલ હોય છે. એ ખૂબ બુધ્ધિમાન પણ હોઈ છે. ઘણા નિરીક્ષણો પ્રમાણે આપણી પાસે જે પશુઓ છે તેમાં ગાય સૌથી વધુ પાળવા યોગ્ય પશુ છે. ગૌવંશ શ્રેષ્ઠ છે. ગાયોને પંપાળવી એ લોકો માટે એક મનગમતી સમય પસાર કરવાની પ્રવૃતિ બની રહી છે જેઓ મહામારીમાં એક વર્ષ એકાંતમાં વિતાવ્યા પછી ઉષ્માભર્યા આલિંગનને તલસી રહયાં છે. તેમને માટે આ પ્રવૃત્તિ ઉપયોગી છે. મહામારીમાં એક વર્ષ એકાંતવાસમાં વિતાવ્યા પછી ગાયોને પંપાળવાની પ્રવૃતિ વેગ પકડી રહી છે. હાલમાં લોકો કલાકના ૭૫ ડોલર પ્રમાણે ગાયો સાથે કલકો વિતાવી રહયાં છે. લોકો ગાયોને આલિંગન આપે છે, તેમને પંપાળે છે, જે પ્રવૃતિ તાણ ઓછી કરવા માટે અને શરીરમાંથી ઓકિસટોસિન દુર કરવા માટે જાણીતી છે. ગાયોને પંપાળવાની પ્રવૃતિ ખૂબ શાતા પહોંચાડનારી એટલે કહેવાય છે કેમ કે ગાયો મોટી હોય છે અને તેમના હૃદયન ધબકારાની ગતિ ઓછી હોય છે. ન્યુયોર્ક, એરીઝોના અને હવાઈમાં એવા ઘણાં ફાર્મ છે જયાં લોકોએ મહિનાઓ અગાઉથી બુકિંગ કરાવ્યા છે. દેશભરમાં પશુઓના અભ્યારણો આ સેવા પૂરી પાડી રહયાં છે. આ માટે સોશ્યલ ડીસ્ટન્સીંગના એક વર્ષ પછી, એકલા પડી ગયેલા માનવીઓમાં એની ખૂબ મોટી ડીમાન્ડ છે. આ લોકો પશુઓ પાસેથી શાતા મેળવવા એમની પાસે પહોંચી જાય છે. 'તમે તમારા મિત્રને આલિંગન આપી શકતા નથી. તમે તમારા પૌત્ર-પૌત્રીઓને આલિંગન આપી શકતા નથી. આવા સમયમાં આપણે હજી કાળજી રાખવી જરૂરી છે.' સુઝાન વિલર્સ જે ન્યુયોર્કના મેપલ્સમાં માઉન્ટન હોર્સ ફાર્મ ધરાવે છે, તેણે વોર્લીંગ્ટન પોસ્ટને પશુઓને પંપાળવાની આ પ્રવૃતિ વાત કરતા જણાવ્યું. પણ માનવી તરીકે આપણા માટે કોઈકની નિકટતા જરૂરી છે. ગાયો સુરક્ષિત છે. અને તેમને પણ આવો સહવાસ ગમે છે. વિલર્સ મૂળે નેધરલેન્ડસની છે જયાં આ પ્રવૃતિ પહેલેથી પ્રચલિત છે અને 'કોએ કનુફેલન' તરીકે ઓળખાય છે. એ અને તેનો પતિ દર વર્ષે મે અને ઓકટોબરમાં ગાયોને પંપાળવાની આ સેવા પૂરી પાડે છે. આ ટ્રેન્ડના હિમાયતીઓના જણાવ્યા મુજબ ગાયોને પંપાળવાની પ્રવૃતિ તેમના તાપમાન અને કદને કારણે ખૂબ શાતા પહોંચાડનારી બને છે એને લીધે ઓકિસટોસિન દુર થવાની જે પ્રવૃત્તિ થાય છે તેના લીધે પણ તાણ ઘટે છે. આવા સામાજિક મેળાપથી હોર્મોન્સ પણ છુટા પડે છે પાલતું પશુઓ સાથે આ રીતે મેળાપ કરવો અને વહાલ કરવું એ ત્યારે વધુ લાભકારી થાય છે જયારે પાલતું પશુનું શરીર મોટું હોય. હજી ગયા વર્ષે જ મેડીકલ ન્યુઝ ટુડેએ એક અભ્યસપૂર્ણ અહેવાલમાં જણાવ્યું હતું કે એક શ્વાન કે ગાયો પાળવાથી માનવીના અણધાર્યા મૃત્યુ થવાનું જોખમ એક તૃતીયાંશ ઘટી જાય છે. વધુમાં, મેસેલ્યુશેટસ સ્થિત યુનિવર્સિટી ઓફ હાવર્ડના સંશોધકોના જણાવ્યા પ્રમાણે શ્વાનની માલિકી ધરાવતા લોકોમાં હૃદયરોગ થવાનું જોખમ ઓછું હોય છે. જયારે આપણે શ્વાન સાથે વ્યવહાર કરીએ છીએ ત્યારે ઓક્સિટોસિનનું સ્તર ઉંચે જાય છે. સામાજિક મેળાપમાં આ હોર્મોન મુખ્યત્વે કારણભૂત હોય છે અને આ હોર્મોનનું લવ ઈન્જેકશન 'માનસિક તંદુરસ્તીમાં વધારો કરે છે. જેઓ પાલતું પશુઓ ધરાવે છે તેઓ કોલેસ્ટ્રોલ અને ટ્રિગ્સીસેરાઈડસનું વધુ સારું સ્તર ધરાવે છે. આ માટેનું કારણ સ્પષ્ટ નથી. એક કારણ એ હોઈ શકે કે પશુઓ પાળવાથી જે વધુ પ્રવૃત જીવનશૈલી મળે છે તે ઉપયોગી થાય છે. તમારા પાલતું પશુથી વધુ કોઈ તમને બિનશરતી પ્રેમ આપતું નથી. પાલતુ પશુઓ તમને નિરાશામાંથી જલદી બહાર આવવામાં પણ મદદરૂપ થાય છે. તમે જેટલી વાતો કરવી હોય તેટલી તમારા પાલતું પશુ સાથે કરી શકો છો. સંશોધકો અભ્યાસ કરી રહયાં છે કે જયારે તાલીમ પામેલાં પશુઓને ઔષધીય માળખા ધરાવતા સ્થળે, જેમ કે હોસ્પિટલ કે નર્સિંગ હોમમાં, લાવવામાં આવે, ત્યારે શું થાય છે. આવાં સ્થળોએ લોકોને પશુઓ સાથે સમય પસાર કરવા દેવામાં સૌથી મોટો લાભ એ થાય છે કે લોકોનો મૂડ સુધરે છે અને ઉત્તેજના ઘટે છે. થેરાપી શ્વાનોની મુલાકાતથી એ લોકોને વિશેષ લાભ થાય છે જેઓ ગંભીર માંદગીમાંથી કે પછી કોઈક સ્ટ્રોક પછી સાજા થતા હોય. અમુક શ્વાનો વિશેષ તાલીમ પામેલાં હોય છે. તેઓ અફેસિયા (મોટી ઉંમરના દર્દીઓને થતી બીમારી જેમાં તેઓ ભાષા સમજવામાં મુશ્કેલી અનુભવે, ખાસકરીને જેમ કે સ્ટ્રોક આવ્યો હોય) ધરાવતા દર્દીઓને, જેઓ તેમની વાત સમજી શકનારાં શ્વાનોને જોઈને સારું અનુભવે છે. આવા એક શ્વાનને પંપાળવાથી આવા દર્દીઓની શક્તિમાં વૃધ્ધિ થાય છે અને એનાથી સ્ટ્રોક કે અન્ય બીમારીમાંથી ઝડપભેર સાજા થવામાં તેમને મદદ મળે છે. આવું કરવાથી તેમને શાંતિનો અનુભવ પણ થાય છે. સંશોધનોથી જાણવા મળ્યું છે કે શ્વાનો સાથે થોડી ક્ષણોનો વ્યવહારમાં પણ માનવીના મગજમાં ઓક્સિટોસીન પેદા થાય છે, આ એ હોર્મોન જેને ઘણીવાર 'કડલ કેમીકલ' પણ કહેવાય છે. ઓક્સિટોસિન વધે છે. જેઓ પાલતું પશુ ધરાવે છે તેનું બ્લડ પ્રેશર ઓછું રહેવાનું જણાયું છે, અને હૃદયના ધબકારાની ગતિ તથા હૃદયરોગનું જોખમ પણ જેઓ પાલતું પશુ ધરાવતા નથી તેમના કરતા ઓછું રહે છે. ૭૧ ટકાથી વધુ અમેરીકન ઘર (૬૨%) પાલતું પશુ ધરાવે છે, અને એમાંના મોટાભાગના લોકો એવું માને છે કે પાલતું પશુઓ તેમના પરીવારનો અંતરંગ હિસ્સો છે. અમુક સંશોધનપૂર્ણ અભ્યાસોમાં જાણવા મળ્યા મુજબ જેઓ પાલતું પશુ ધરાવે છે તેમના હૃદય વધુ તંદુરસ્ત હોય છે, ઘરે વધુ રહે છે અને માંદા ઓછા પડે છે. ડોકટર પાસે પણ ઓછું જવુ પડે છે

ન્યુઝ ઓફ ગાંધીનગર.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય રચના રજૂ કરવામાં આવે છે.
વિષય : આપણ જીવન નો યાદગાર રમૂજ પ્રસંગ- .દિવસ - ૩
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ,
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

NOG SS No:...0073
પ્રકાર.ગદ્ય..વાર્તા
શીર્ષક...ગાદી..રમૂજી વાર્તા.

હું મારી ઓફિસમાં પહોંચીને મારી લાકડાંની ખુરશી જેમાં બે ગાદી મૂકી હોય એ ખુરશીમાં જઈ ને બેઠી. થોડી વાર પછી મને નીચેના ભાગે ગરમ ગરમ લાગવા માંડ્યું એટલે મેં મારી ફ્રેન્ડને કીધું," આ ગાદી આટલી ગરમ કેમ લાગે છે ?"
એટલે એણે મજાક કરી," તું બહુ હોટ છે એટલે!" મેં કીધું ," તું બેસ! તને ખબર પડે કે આ અંદરથી આટલી ગરમ કેમ છે ?"એટલે એ બેઠી ,એને પણ ગરમ લાગ્યું પણ બહાર કશુંજ ન દેખાય કે કેમ ગાદી ગરમ છે?પછી તો મારી બીજી સહકર્મી પણ બેઠી. બધાંને ગરમ લાગ્યું પણ કોઈને એનું કારણ ના જડ્યું. ઉપર કશુંજ ન દેખાય કે કેમ ગાદી ગરમ લાગે છે. છેલ્લે એક ઉપાય કર્યો કે ઉપરની ગાદી કાઢી નાંખી. ત્યારે અંદરની ગાદીમાંથી રૂની બળવાની વાસ આવતી હતી. ત્યારે ખબર પડી કે નીચેની ગાદીમાં અગરબત્તીનો ગલ પડ્યો છે જેનાં કારણે ગાદીમાંનું રૂ બળતું હતું પણ ધીમું ધીમું હતું એટલે કોઈને ખબર ના પડી .પણ જેટલાં બેઠાં બધાંની સીટ ગરમ થઈ. ત્યારથી
ઓફિસમાં અગરબત્તી કરી ખુરશી ઉપરની દિવાલના કાણામાં ખોસવાનું ભૂલી ગયાં.આજે પણ અમે એ હોટ ખુરશીને યાદ કરી મજાક કરી લઈએ છે ..કેવી બળી' તી??

નયના પટેલ..નૈન.

NOG સાહિત્ય સરિતા (૧)
NG no. -39
વિષય - જીવનમાં બનેલી રમુજી ઘટના
ગદ્ય - લેખ
શીર્ષક - નવી ચંપલ

લગભગ દસેક વર્ષ પહેલાં મારી સાથે એક રમૂજી ઘટના બની.

એક વાર પૂનાથી ટ્રેનમાં પાછાં ફરતાં હતાં ત્યારે એમાં લેટ્રીનમાં જવું પડ્યું. જ્યારે પણ હું ટ્રેનમાં ક્યાંક જઉં ત્યારે ચાલુ ટ્રેને લેટ્રીનમાં ચંપલ પડી જવાની બહુ બીક રહે એટલે બહુ સાચવું. બહુ તકલીફ પડે ચંપલની સાથે કપડાં પણ સાચવવાની.

એ દિવસે એવું જ થયું, નાડાની ગાંઠ વળી ગઈ.ન ખુલે કે ન તૂટે.બહુ મથામણ કરતી હતી ને પગ સહેજ મગરિયા બાજુ ખસ્યો અને એક પગની નવી જ ચંપલ નીકળીને નીચે ઊતરી ગઈ. બહાર આવીને સાથે હતાં એ મિત્રોને નવી ચંપલ પડી ગયાની વાત કરી. મિત્રોએ બહુ મશ્કરીઓ કરી. એક બેન ચંપલની એક્સ્ટ્રા જોડ લાવ્યાં હતાં એ મને આપી. પણ એક સુજ્ઞ મિત્રે ટકોર કરી કે ગાંડી, એક ચંપલ પડી ગઈ તો બીજી પાછી કેમ લાવી? એ પણ નાંખી દીધી હોત તો રેલવેના પાટા પર ફરતા કોઈ ગરીબને બંને ચંપલ મળી જાત ને!

હું વિચારમાં પડી ગઈ! આવી નાનકડી પણ સુંદર વાત મને કેમ ના સમજાઈ!

થોડા દિવસ પછી ફરી એક વાર ટ્રેનમાં જવાનું થયું.

હવે અગોચર મનમાં પેલી વાત પડેલી હતી જ. સાથે લેટ્રીનમાં ચંપલ પડી જાય એ ડર પણ અડીખમ હતો. આ વખતે ચંપલ ના પડે એની કાળજી રાખીશ જ એવું મનોમન નક્કી કરીને લેટ્રીનમાં ગઈ. આ વખતે નાડાની ગાંઠ ના વળી પણ નાડું જ તૂટી ગયું અને એ ફિકરમાં ચંપલ નીકળી ગઈ ને નીચે ઊતરી ગઈ! હસવું કે રડવું એ સમજાયું નહીં. પણ તરત પેલો મિત્ર યાદ આવ્યો અને સમય ગુમાવ્યા વગર બીજું ચંપલ પણ એમાં જ નીચે નાંખી દીધું. મનોમન એક સારું કાર્ય કરવાની ખુશી થઈ અને નાડાંચને તો પેન્ટ પર પહેરતા પટ્ટાની જેમ બાંધીને ઈડરીયો ગઢ જીતીને નીકળી હોઉં એવી ખુમારી સાથે હસતાં હસતાં બહાર નીકળી.

લેટ્રીન ખૂલવાની રાહ જોઈને ઊભેલાં એક પતિ પત્ની મને આમ અંદરથી હસતાં હસતાં નીકળતી જોઈને એકબીજા સામે જોઈને મલકાયાં. પણ કંઈક સારું કર્યાનો અનોખો આનંદ હતો. આ વખતે પણ નવી જ ચંપલો હતી. ક્યાંય પણ બહારગામ જઈએ તો નવી ચંપલ લેવાની મને ખરાબ આદત છે.

આવું વિચાર્યું નહોતું કે જેનો ડર હોય એવી જ એકની એક ઘટના ધ્યાન રાખવાં છતાં બે વાર રિપીટ થાય!

આશ્ચર્યની વાત તો હવે આવે છે કે આ જ ઘટના પર એક શોર્ટ ફિલ્મ બની છે! એ જોઈને તો મારું આશ્ચર્ય બેવડાયું કે અગોચર મન દરેક માનવ પાસે હોય છે અને ડિટ્ટો બીજા માણસનાં મન જેવું જ વિચારતું પણ હોય છે!

પ્રફુલ્લા "પ્રસન્ના",અમદાવાદ

NOG SS NO .0095
વિષય :-- યાદગાર રમૂજી પ્રસંગ
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :-- " ભાષાનું ભોપાળું "

દરેક સ્ત્રીને (દીકરીને) પહેલવહેલી વાર જ્યારે સાસરે જવાનું થાય ત્યારે પરિવાર , ગામ , શહેર કે પ્રદેશ બદલાતો હોવાથી ભાષાનાં લોચા થાય જ અને પછી અજાણતાં જ આવા ભોપાળાં સર્જાઈ જાય અને સાસરીમાં હાસ્યાસ્પદ થવાય,અથવા તો એમ કહોને કે એક મીઠી રમૂજ વાતાવરણમાં છવાઈ જાય. જો સાસુ વટકણી હોય તો કદાચ બે વેણ ગુસ્સાનાં પણ સાંભળવાં પડે ખરાં ! જો કે હું પરણીને સાસરે આવી ત્યારે મારે તો સાસુ કે સસરા જ નહોતાં .પણ બે નણંદો અને એક દિયર ખરાં .હું અમદાવાદથી પરણીને ભાવનગર આવી .કાઠિયાવાડી બોલીથી અજાણ હતી અને જે શહેરમાં બાળપણથી લઈને મોટાં થયા ,ભણ્યાં ગણ્યાં હોય એટલે સ્વાભાવિક છે કે અમદાવાદી બોલી તો આપણામાં વણાઈ જ ગઈ હોય ને !

સાસરે આવ્યાં ને રિવાજ પ્રમાણે નવી વહુ પાસે લાપસીનાં આંધણ મૂકાવે. મારા સાસુ નહીં એટલે આવી બધી વ્યવહારિક રીતિઓ પૂરી કરાવવાં માટે મારા માસાજી સસરા અને એમની દીકરી સાથે આવેલાં. એમણે મને કહ્યું કે લાપસીથી રસોઈની શરૂઆત કરો. મેં તો કદી મમ્મીનાં ઘરે રસોઈ જ કરી નહોતી. બંદાએ ભણતર પૂરું કર્યું ને તરતજ નોકરી શરૂ કરી દીધી એટલે રસોઈનો વારો જ ના આવે. બંદાએ તો માસાજીને કહી દીધું કે દાદા (એ મારાં મમ્મીનાં કુટુંબી કાકા થતાં હતાં) મને લાપસી નથી આવડતી. કહો તો ફ્રુટ સલાડ બનાવુ ! દાદા હસવા લાગ્યાં. મારી નણંદ કહે ,"ભાભી , દાળભાત શાક તો આવડશે ને ?" મેં હોંશેથી હા હા કહી દીધું. પણ સાલું ત્યાં ચ લોચા પડ્યાં.

સાસરીમાં પ્રાઈમસ હતો અને એ પણ પેલો જૂનવાણી પિત્તળનો પંપ મારીને ચાલુ કરવાનો .હવે પ્રાઈમસ તો મમ્મીને ઘરે કોઈ દિવસ વાપર્યો જ નહોતો. ત્યાં તો ગેસ હતો. અને દીવેટોવાળો મૂંગો પ્રાઇમસ ! " દાદા આ તો મને નહીં આવડે ! આને કેમ સળગાવાય?"નણંદે મોઢું બગાડતાં ચાલુ કરી દીધો. આણામાં કૂકર લઈ ગઈ હતી એમાં દાળભાત મૂક્યાં અને સગડી પર શાક વઘારવાનું હતું. જોકે મારી માટે એ પણ અઘરું જ હતું. સાલું પિયરમાં બહુ ઠાઠથી રહેલી અને આવું તો કરવાનું તો શું જોયું પણ નહોતું એટલે ડગલે ને પગલે સમસ્યાઓ જ ! પણ મારાં દાદા મારી સાથે જ હતાં. હવે ખરેખરી જોવા જેવી થઈ.

નણંદને કીધું, "શાક વઘારવા માટે 'તગારી' આપોને ! "નણંદ તો ચોકડીમાંથી મોટું ' તગારું ' લઈ આવ્યાં. મેં ફરીથી કહ્યું ,"તગારું નહીં તગારી આપો". તો કહે ," એ જ તો આપું છું. કેટલાં માણસનું શાક બનાવશો ?" કાપો તો લોહી ના નીકળે એવી મારી હાલત હતી. બધાં મારું મોઢું જોઈને હસવા લાગ્યાં . દાદાએ નણંદને વટીને ચૂપ કરી અને મને ' કડાઈ ' આપીને કહ્યું ,"આમાં શાક વઘારાય .જુઓ ,હવે અમદાવાદમાં 'તગારી' ,અહીં 'કડાઈ '."એવી જ રીતે અમદાવાદમાં સ્ટીલની કે એલ્યુમિનિયમની કિલો બે કિલો તેલ સમાય એવી બરણીને 'ડોલચું 'કહે. મેં તેલનું ડોલચું માંગ્યું તો મારાં નણંદે મારા પતિને કહ્યું ," ભાભીને કહો કે અહીં ઘરમાં જ સગવડ છે .હ્ય ડોલચું ' લઈને બહાર નહીં જવું પડે ! ત્યારે તો ખરેખર આ ભાષાનાં ભોપાળાંથી હું શરમજનક સ્થિતિમાં મૂકાઈ ગઈ હતી.

પણ પછી હંમેશાં જ્યારે તેલની બરણી કે શાક વઘારવા કડાઈ લેતી ત્યારે અચૂક મારાં નણંદનાં શબ્દો યાદ આવે ને હસી પડાતું. આજે જ્યારે મારી પુત્રવધૂને આ પ્રસંગ કીધો તો એ પણ હસીને બેવડ વળી ગઈ ને બોલી ,"મમ્મી, હું પણ અહીં આવી ત્યારે આવાં જ અનુભવમાંથી પસાર થઈ હતી". જોયુંને ભાષાનાં ભોપાળાં કેવાં કેવાં હોય છે !!

દીપિકા ચાવડા ' તાપસી

NOG SS No -0080
વિષય - રમૂજી પ્રસંગ

આ કોરોના લોકડાઉન દરમિયાન દરેકને ખૂબ સફળ રહ્યું હશે ! અલબત્ત, લોકડાઉન
દ્વારા પોતાની જાત પ્રત્યે ગર્વ થાય, મીન્સ કે
પ્રાઉડ ફીલ થાય કે "આવું કામ પણ હું કરી શકું છું !" આ કોરોના લોકડાઉને દરેક ઘરમાં ઉત્તમ
કલાકારોને જન્મ આપ્યો, ઘણાં નાના નાનાં કામ માટે પરાવલંબી બની બીજાં પર આધાર રાખનારા આપણે આટલું બધું કામ જાતે કરીને સ્વાવલંબનનું ઉત્તમ પ્રેરકબળ બની શક્યાં છીએ. (વાંકા રહીને, હા)

ભોજનમાં નવી નવી વેરાયટી દીકરાઓ સાથે મળીને બનાવવી એક પણ એક લ્હાવો જ ગણાયને ! ટેસ્ટફૂલ વાનગી બને એટલે તરત જ મારો છોટુ બોલે ' મમ્મી, આપણે
ખાણીપીણીનું શરુ કરી દેવું છે? એમાં સારો એવો પ્રોફીટ મળી રહેશે હો! ને વળી પાછી એમાં મંદી આવવાના ચાન્સ પણ નહિવત્ ! "

અમારાં પરમ સખા પારુલ બહેન તો પાછાં ઘણાં પ્રેરણાદાયક ! એમના ગાંઠિયા વણાતા વિડિઓ દ્વારા અમને ય પ્રેરણા મળી ને અમે ય સમોસા, ગાંઠિયા જોરદાર બનાવ્યાં, મોટો તળે,ને છોટુ સમોસા વાળે ! હા, ભૂલ એટલી અમારી કે લાઈવ વિડિઓ દ્વારા ડેમોનું પ્રદર્શન કરવાનું યાદ જ ન આવ્યું ! જમતાં જમતાં છોટુએ તો ખાણીપીણીના ધંધા સાથે ફરસાણનું પણ શરુ કરવું એવું નક્કી કરી નાખ્યું !

સાંજે એ ભાઈબંધ સાથે ફૂલ રેકેટ રમતો હતો ત્યાં સ્લીપરે જવાબ દઈ દીધો, એકબાજુથી તૂટી ગયું , તરત મારી પાસે આવીને ફરિયાદ ! " મમ્મી, આ સ્લીપરનું કાંઈક કરી દેને ! એકાદી ટેપ બેપ લગાડી દેને ! " ટેપ લગાડી પણ એની જિન્દગી ટૂંકી નીકળી , વળી પાછી એજ પરિસ્થિતિ.અંતે સોયદોરાનો એ ડબ્બો લઈ આવ્યો, મોટી સોય અને પતંગના કાળા દોરાથી સ્લીપરને જીવતદાન મળ્યું, આજે છ દિવસ થયાં છતાં એ સ્લીપર લહેરમાં ! પણ પાછું આ એક નવાં ધંધાનું સપનું અમે ન સેવ્યું !

સોસાયટીમાં ગેસની પાઈપલાઈન ફિટ કરાવવા માટે જ્યાં ત્યાં ખોદકામ કરેલું, એમાં ઘરનાં ચોકમાંથી ગાડી બહાર કાઢવા માટે એક ટાળીયો બનાવેલો,ગેસવાળાં પોતાનું કામ પતાવીને જતાં રહ્યાં પણ.. અમે ટાળ સરખો કરાવવા માટે કારીગરને ફોન કરીને થાકી ગયાં, એ વીઆઈપી વાયદા કરવામાં ભારે હોશિયાર .આજે આવું ને કાલે આવું .ત્યાં તો લોકડાઉન કહે હું આવું !

લોકડાઉનના કારણે એ કોઈ કારીગર ક્યાંથી મળે? સાંજે તડકો નમ્યા પછી
પથરા વગેરે ગોઠવી,ભંડકમાં ખાંખાખોળા કરતાં થોડીક સિમેન્ટ પણ મળી આવી અને અમારું કામ ચાલ્યું, ટાળિયાને નવો દેહ મળ્યો !

અરે, ગઈ કાલનું કામ તો મને ગિનીઝ બુકમાં સ્થાન અપાવે એવું હો ! બે ત્રણ દિવસથી પતિદેવની કચ કચ શરુ, " આ માથાના વધેલા ઝંડીયાથી ગરમી બહુ થાય છે, હો, વાળંદને ડબલ રૂપિયા આપવા તૈયાર છું, જો એ આવે તો ! અમારા ત્રણેયનું કામ થઈ જાય, (આમાં બેય દીકરાનો પણ એમણે વિચાર કરેલો) પણ.... આ તો લોકડાઉન ! સાંજે સાડા છ વાગે મૈં મજાકમાં કીધું ' ચોઘડિયું સારું છે, હો !' કહે 'શેનું?' મેં કહ્યું,"આ તમારી જટાઓને વિદાય આપવાનું, ચાલો, વિશ્વાસથી, ઉત્તમ અખતરો!"ને બોલો, એતો સાચે જ માની ગયાં ! (વાર્યા ન વરે પણ હાર્યા વરે!)

બહાર છોટુ ટીવી જોતો હતો એટલે બહાર તો ન બેસાય ,આવું કામ કરવા! અંદરના રૂમમાં ટેબલ બરાબર રૂમની વચોવચ્ચ ગોઠવી, એમને બેસાડી, ગળાની ફરતે કોટનનો દુપટ્ટો વીંટાળી, જરૂરી શસ્ત્ર સરંજામ સાથે હમ તૈયાર.જાળવી જાળવીને જટા માસીને વિદાય આપવાનું કામ પાર પાડ્યું.બન્ને દીકરાઓને વારાફરતી બોલાવીને એમનાં અભિપ્રાય પણ લેવાતાં ગયાં ! વળી આ વખતે તો એમણે જ એક સલૂન ખોલવાનું નક્કી કરી નાખ્યું, બોલો લ્યો ! વાળને કલર બલર નાંખીને રૂપકડા કરી કલાક પછી ચોકમાં હીંચકા પર બેઠાં ત્યાં જ બાજુવાળા લંગોટિયાએ પૂછી પણ લીધું , ક્યાં વાળ કપાવી આવ્યો હે? મારે ય બહુ વધી ગ્યાં છે ! એમણે જવાબમાં મીઠી સ્માઈલ આપી આડી વાતે વળગાડી દીધો!

બીજાં દિવસે સવારના પોણા છ વાગે બાથરૂમમાં ગઈ, તો, ધ્યાન ગયું સામેની દીવાલ પર, પગમાં પહેરવાના ચાંદીના સાંકળા જેવો જ અદ્દલ, મોટો કાનખજુરો ! મનોમન એને વિનંતી કરી, ભાઈ, ત્યાં ને ત્યાં જ રહેજે થોડીવાર. તો પણ એણે મારી વિનંતીની અવગણના કરી આખાં બાથરૂમમાં આમથી તેમ છતાં મનમાની શરુ કરી ને એને મારે પણ સ્વીકારવી પડી. અલબત્ત, ડાન્સ કરતાં કરતાં ! પછી હળવેથી સૂપડીમાં દબાવી એ કાનખજુરાને હિંમતથી વિદાયમાન કર્યો.

ખેતરે વસતાં લોકો હોય કે ખુલ્લાં મેદાનમાં હંગામી વસવાટ કરનાર લોકો આવાં કેટકેટલાં જીવ જંતુઓ સાથે સહજીવન ગાળતાં હોય છે હિંમતથી, ડર્યા વગર. કેમકે એ વિચરનારા જીવને પણ પોતાનો જીવ વ્હાલો હોય છે, જો તમે એને ન છંછેડો તો તમને કશું ય નુકસાન કરતાં નથી જ.આપણા જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોશીએ ખરું જ કહ્યું છે..

'વિશાળે જગ વિસ્તારે
નથી એકજ માનવી.....'

વર્ષા જાની, ભાવનગર

ન્યુઝ ઓફ ગાંધીનગર
સાહિત્ય સરિતા
NOG SS No : 0052
વિષય : જીવનનો રમૂજ પ્રંસગ
શીર્ષક : "રમૂજી કિસ્સો" (ગદ્ય)

હજી થોડાં દિવસ પહેલાં જ બનેલી તાજી ઘટનાની વાત કરુ. આધાર કાર્ડ કેમ્પ લાગેલો,ગામનું નામ હતું છેલ્લા કરમસીયા, આ ગામ વિષે થોડી માહિતી આપું તો વડોદરા શહેરનાં ગ્રામ્ય વિસ્તાર વાઘોડીયા તાલુકામાં આવેલું એક ગામ ,એટલે છેલ્લા કરમસીયા.ગામમાં આધાર કાર્ડનો કેમ્પ લાગે આધારનાં સુધારા વધારા માટે ગામ લોકોનો મેળાવડો થવો સામાન્ય હતો.એક પછી એક આધાર કાર્ડનાં કામ પતી રહ્યાં હતાં. મારી પાસે એક જ ઘરની ચાર છોકરીઓનાં આધાર કાર્ડ કઢાવવા માટે એક પરિવાર આવ્યો.હું દરેક આધાર કાર્ડમાં જરૂરિયાત પ્રમાણે સુધારા વધારા કરતો ગયો; નવાઈ તો મને દર વખતે થતી અને લાગતી , હું મનમાં હસી લેતો પણ કોઈને કહી નહોતો શકતો . કારણ ખબર છે તમને? અરે ! તમને ક્યાંથી ખબર હોય ? દરેક છોકરીઓ નાની મોટી હતી ,સમજો કે ઉંમરમાં થોડો થોડો ફેર પડે.
દર વખતે હું કહેતો "મનીષાને કેમેરા સામે ઊભી કરો ," "સુનીતાને ઊભી રાખો ,ફોટો લેવાનો છે ,"
"નીતા ક્યાં...."
દર વખતે તેમનો બાપ ,તે છોકરીઓને પૂછતો "ઓય તું મનીષા છે ને ? સુનીતા કોણ? અલી ,આઈયા ઊભી રે ને ,"
એક વખતે તેમનાં પત્ની ને પણ પૂછ્યું "ઓય, નીતા આને ?"
પતિના આવા વેધક સવાલથી તેમના પત્ની પણ મનોમન હસ્યાં તે સમયે . બહેન વિચારતાં હશે "આ બાપ છે કે કોણ? આને એની છોકરીઓનાં નામ ખ્યાલ નથી !"
બની શકે કદાચ બાપ ઘરે રહેતો પણ ન હોય ? કાંતો મજૂરી કરવામાં સવારથી નીકળી રાતે જ ઘરે આવતો હોય તેવું પણ બને ને ? ગ્રામીણ વિસ્તાર હોય ,બાપ વ્યસની હોય તો પણ તેને યાદ ન હોય ? સાલું ઘણાં સવાલ છે ,જવાબ તો એ ભાઈ જ આપી શકે તેમ છે , પણ એમને એવું થોડું પૂછાય ....હા....હા...હા...
છે ને રમૂજ પમાડે તેવો કિસ્સો? એક બાપને જ નહોતી ખબર પડી રહી કે તેની ચાર છોકરીઓ કોણ કોણ છે ? તેમનાં નામ શું છે ? બોલો સાહેબ હવે આવાં લોકો પરિવારની સંખ્યા વધારતાં વધારી તો દે છે પણ ઘરનાંની વિગત જ સમયે યાદ નથી હોતી , આવું કેમ ચાલે ? તમે જ કહો..ખેર !આ તો રમૂજી કિસ્સો હતો.

સંજય તરબદા "સાંજ",વડોદરા

બધા માટે મહત્વપૂર્ણ સંદેશ

તમે જે ગરમ પાણી પીશો તે તમારા ગળા માટે સારું છે. પરંતુ આ કોરોના વાયરસ ૩ થી ૪ દિવસ સુધી તમારા નાકના પેરાનાસલ સાઇનસની પાછળ છુપાયેલ છે. આપણે જે ગરમ પાણી પીએ છીએ ત્યાં પહોંચતા નથી. ૪ થી ૫ દિવસ પછી, પેરાનાસલ સાઇનસની પાછળ છુપાયેલ આ વાયરસ તમારા ફેફસાં સુધી પહોંચે છે. પછી તમને શ્વાસ લેવામાં તકલીફ થાય છે.

તેથી જ વરાળ લેવાનું ખૂબ જ મહત્વપૂર્ણ છે, જે તમારા પેરાનાસલ સાઇનસની પાછળ પહોંચે છે. તમારે આ વાયરસને વરાળથી નાકમાં નાશ કરવો પડશ.

૫૦ ડિગ્રી સેલ્સિયસ પર, આ વાયરસ અક્ષમ થઈ જાય છે એટલે કે લકવોગ્રસ્ત. ૬૦ ડિગ્રી સેલ્સિયસ પર આ વાયરસ એટલો નબળો પડે છે કે કોઈ પણ માનવ રોગપ્રતિકારક શક્તિ તેની સામે લડી શકે છે. ૭૦ ડિગ્રી સેલ્સિયસ પર આ વાયરસ સંપૂર્ણપણે મૃત્યુ પામે છ.

આ તે છે જે વરાળ કરે છે. આ વાત આખા જન આરોગ્ય વિભાગ જાણે છે. પરંતુ દરેક વ્યક્તિ આ રોગચાળોનો લાભ લેવા માંગે છે. તેથી તેઓ આ માહિતીને ખુલ્લેઆમ શેર કરતા નથી.

જેણે ઘરે રહેવું હોય તેણે દિવસમાં એકવાર સ્ટીમ લેવી જોઈએ. જો તમે શાકભાજી ખરીદવા માટે બજારમાં જાવ છો તો દિવસમાં બે વાર લો. કોઈપણ કે જે કેટલાક લોકોને મળે છે અથવા ઓફીસ જાય છે, તેણે દિવસમાં ૩ વખત વરાળ લેવો જોઈએ

આ તમારા બધા પ્રિયજનોને ફોરવર્ડ કરો

સ્ટીમ સપ્તાહ

ડોક્ટરોના કહેવા મુજબ, કોવિડ -૧૯ ને નાક અને મોંમાંથી વરાળ શ્વાસમાં લઈને કોરોનાવાયરસને દૂર કરીને મારી શકાય છે. જો બધા લોકોએ એક અઠવાડિયા માટે સ્ટીમ ડ્રાઇવ ઝુંબેશ શરૂ કરી, તો રોગચાળો જલ્દીથી સમાપ્ત થઈ જશે. તેથી અહીં એક સૂચન છે : એક અઠવાડિયા માટે, સવારે અને સાંજે, દર વખતે માત્ર ૫ મિનિટ માટે, વરાળ શ્વાસ લેવાની પ્રક્રિયા શરૂ કરો

જો બધા આ પ્રથાને એક અઠવાડિયા સુધી અપનાવે તો જીવલેણ કોવિડ -૧૯ ભૂંસી નાખવામાં આવશે. આ પ્રથાની કોઈ આડઅસર પણ નથી

કૃપા કરીને આ સંદેશ તમારા બધા સંબંધીઓ, મિત્રો અને પડોશીઓને મોકલો, જેથી આપણે બધા મળીને આ કોરોના વાયરસને મારી નાખી શકીએ અને આ સુંદર દુનિયામાં મુક્તપણે જીવી શકીએ

આ ભા ર

પારસીઓ ને નમન

દયાળુ, કર્મઠ અને ભારતમાં માત્ર ૦.૦૦૦૦૦૦૦૦૦૦૧% જનસંખ્યા વાળા પારસીઓને સમર્પિત

દરેક ભારતીયોને આપ પારસીઓ પર ગર્વ છે....

કોવીડ વેક્સીન બનાવવાવાળી કંપની 'સીરમ' એક પારસી ઉદ્યોગપતિની છે. જેમનું નામ છે આદાર પુનાવાલા.

આદાર પુનાવાલાએ બોમ્બે પારસી પંચાયતને ૬૦,૦૦૦ વેક્સીનની ઓફર કરી હતી!!એટલા માટે કે પારસીઓને પેહલા વેક્સીન લાગી જાય. પરંતુ, બોમ્બે પારસી પંચાયતના અધ્યક્ષ અને પ્રખ્યાત ઉદ્યોગપતિ "રતન ટાટા"એ એવું કહ્યું કે આપણે પ્રથમ ભારતીય છીએ બાદમાં પારસી!અમારે વેક્સીન ત્યારે જોઈએ જ્યારે દરેક ભારતીયને વેક્સીન લાગી જાય!!

ફેક્ટરીથી શરુ થઈને વેક્સીન આગળ કેવી રીતે આવે છે જુઓ એક ઝલક :

વેક્સીન જે કાચની શીશીમાં એટલે કે વ્હાઈલમાં પેક થાય છે, એને પણ એક પારસી કંપની જ બનાવે છે... જેનું નામ છે 'સ્કોટસ્લાઈસ' અને એનાં માલિક છે રાસીદ દાદાચંદજી".

વેક્સીનને પૂરાં ભારતમાં ટ્રાન્સપોર્ટેશન માટે "રતન ટાટા"એ પોતાની કંપનીના રેફ્રીજરેટેડ વાહન મુફ્તમાં આપ્યાં છે!!

જો વેક્સીનને હવાઈ માર્ગે જેટથી મોકલાય તો એનાં માટે એક પારસી "શ્રી જાલ કવાડિયા"એ પોતાના ૫ જેટ આપ્યાં છે!!

વેક્સીનને રાખવાં માટે જે ડ્રાઈ આઈસ એટલે કે લીક્વીડ કાર્બન ડાઇઓક્સાઇડનો ઉપયોગ થઈ રહ્યો છે એ પણ એક પારસી "ફ્રોક દાદાભાઈ" આપી રહ્યા છે!!

ભારતમાં ૨૫ જગ્યા પર વેક્સીનેશન સ્ટોર માટે એક પારસી "આદિ ગોદરેજ"પોતાના રેફ્રીજરેટેડ યુનિટ પણ સોંપી દીધા છે!!

વિચારો આ પારસીઓને ભારતની કોઈ સુવિધા નથી જોતી. એ પોતાને ક્યારેય અલ્પસંખ્યક માનતા જ નથી!!મારાં ખ્યાલ મુજબ આજ સુધી પારસીઓએ અલ્પસંખ્યક કલ્યાણ યોજનાનો ફાયદો નથી લીધો. એમાં પણ પારસીઓ પોતાને અલ્પસંખ્યક નહિ, પણ "ભારતીય"સમજે છે. ભારતના વિકાસમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. ભારતની GDP માં સૌથી વધુ યોગદાન આપી રહ્યા છે. ભારતને સૌથી વધુ ટેક્સ પણ તેઓ ચૂકવી રહ્યા છે..... અને જ્યારે પણ ભારતને મદદ કરવાની હોય... ત્યારે સૌથી આગળ પારસીઓ જ હોય છે....!!!

શત શત નમન છે...
આ ભારતના મહાન સપૂતોને

ફોટો ગેલેરી

નમો ૧૦૦ બેડના આઇશોલેશન સેન્ટરની મુલાકાત લેતા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, ભાજપના M.L.A મનીષાબેન વકીલ દ્વારા વડોદરામાં તૈયાર કરેલ ૧૦૦ બેડની આઇશોલેશન સુવિધા કેન્દ્રની મુલાકાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ દ્વારા કરવામાં આવી. પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે નમો ૧૦૦ બેડના આઇશોલેશન સેન્ટરની મુલાકાત લીધી. તે દરમ્યાન નમો આઇશોલેશન સેન્ટર ખાતે યોગા, મ્યુઝીક થેરાપી અને અધ્યાત્મિક પુસ્તક પણ રાખવામા આવ્યા આ પ્રસંગે ઑક્સીજનના મીની સિલિન્ડર નું પણ લોકાર્પણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી શ્રી ભાર્ગવભાઇ ભટ્ટ, વડોદરા શહેર પ્રમુખ શ્રી વિજયભાઇ શાહ, ગુજરાતના મંત્રીશ્રી યોગેશભાઈ પટેલ, ધારાસભ્યશ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા, સીમાબેન મોહિલે, મનીષાબેન વકીલ, મેયર શ્રી કેયુરભાઇ રોકડિયા, સાંસદ શ્રી રંજનબેન ભટ્ટ, ડેપ્યુટી મેયર શ્રીમતી નંદાબેન જોષી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન હિતેન્દ્રભાઈ પટેલ તથા શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં

ટીમ વડોદરા અને ફ્રિડમ ગ્રૂપ દ્વારા આયોજીત પ્લાઝમા ડોનેશન કેમ્પની સી.આર પાટીલે મુલાકાત લીધી

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ તા.૨૧.૦૪.૨૦૨૧ના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલ શતાબ્દી એક્સપ્રેસ દ્વારા વડોદરા શહેરની મુલાકાતે ગયાં હતાં. શહેર આગેવાનો દ્વારા તેમનો સ્વાગત કરવામાં આવ્યો.

શ્રી સી.આર. પાટીલે વડોદરામાં ટીમ વડોદરા અને ફ્રિડમ ગ્રૂપ દ્વારા આયોજીત પ્લાઝમા ડોનેશન કેમ્પની મુલાકાત લીધી. પ્લાઝમા ડોનેટ કરનાર સૌને અભિનંદન પાઠવ્યા હતાં.

શ્રી પાટીલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, કોરોનાનાં દર્દીઓ માટે પ્લાઝમા થેરાપી આશીર્વાદ સમાન છે. જેમને કોરોના થઇ ગયો છે એવા દર્દીઓ જો પ્લાઝમા ડોનેટ કરે તો કોરોનાના દર્દીઓનું જીવન બચી શકે છે.

આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી શ્રી ભાર્ગવભાઇ ભટ્ટ, વડોદરા શહેર પ્રમુખ શ્રી વિજયભાઇ શાહ, ગુજરાતના મંત્રીશ્રી યોગેશભાઈ પટેલ, ધારાસભ્યશ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા, સીમાબેન મોહિલે, મનીષાબેન વકીલ, મેયર શ્રી કેયુરભાઇ રોકડિયા, સાંસદ શ્રી રંજનબેન ભટ્ટ, ડેપ્યુટી મેયર શ્રીમતી નંદાબેન જોષી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન હિતેન્દ્રભાઈ પટેલ તથા શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

જિલ્લાના કુલ- ૧૦૮ જેટલાં કેન્દ્રો ખાતે કોરોના વેક્શીનેશનની થઇ રહેલી કામગીરી

નર્મદા જિલ્લામાં કોરોના વેક્સીનેશન ૭૦ ટકા જેટલી કામગીરી પૂર્ણ

કોરોના વેક્સીનની રસીનો બીજો ડોઝ લેવો ખૂબ જ જરૂરી છે જે લોકો સંક્રમિત થયાં છે તેઓ વેક્સીનને લીધે ઝડપથી સાજા થયાં છે-અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો.વિપુલ ગામિત.

રાજપીપલા, તા.૨૧

વૈશ્વિક કોરોના મહામારીની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને કોરોના સંક્રમણને અટકાવવા જિલ્લા કલેક્ટર ડી.એ.શાહના માર્ગદર્શન અને રાહબરી હેઠળ નર્મદા જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા આજે રાજપીપલના નગરપાલિકા વિસ્તારના દોલતબજાર, જૂની સબજેલ, નાગરિક બેંક, કાળાઘોડા સહિત જિલ્લાના ૧૦૮ જેટલાં કેન્દ્રો ખાતે કોરોના વેક્શીનેશનની કામગીરી ચાલી રહી છે તેની સાથોસાથ જિલ્લાના જુદા જુદા કેન્દ્રો ખાતેથી આરટીપીસીઆર અને એન્ટીજન રેપીડ ટેસ્ટની કામગીરી થઇ રહી છે.રાજપીપલાની જૂની સબજેલ ખાતે કોવિડ-૧૯ ની રસીનો બીજો ડોઝ લેતાં કૃપાલીબેન રોનકભાઇ શાહે જણાવ્યું હતું કે, નોવેલ કોરોના સામે રક્ષણ મેળવવાં કોરોના વેક્સીન ખૂબ જ જરૂરી છે. કોરોનાની રસી લેવાથી કોઇપણ પ્રકારની તકલીફ થતી નથી.

અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.વિપુલ ગામિતે જણાવ્યું હતું કે, હાલમાં ૪૫ થી વધુની વયના તમામ લોકોને જિલ્લાના ૧૦૮ જેટલાં કેન્દ્રો ખાતે કોરોના વેક્સીન આપવાની કામગીરી ચાલી રહી છે જેમાં ૧૦૪૬૫૬ લોકોને વેક્સીન રસી આપવાની સાથે જિલ્લામાં કોરોના વેક્સીનેશનની ૭૦ ટકા જેટલી કામગીરી પૂર્ણ થઇ છે. તેની સાથોસાથ આરટીપીસીઆર અને એન્ટીજન ટેસ્ટ પણ થઇ રહ્યાં છે. વધુમાં તેમણે કહ્યું કે, કોરોના વેક્સીનનો બીજો ડોઝ લેજો ખૂબ જ જરૂરી છે જે લોકો સંક્રમિત થયાં છે તેઓ વેક્સીનને લીધે ઝડપથી સાજા થયાં છે તેમજ ૪૫ થી વધુની તમામ વ્યક્તિઓને વેક્સીન લેવા ડૉ.વિપુલ ગામિત તરફથી જિલ્લાના પ્રજાજનોને અપીલ કરાઇ છે. રિપોર્ટ :જ્યોતિ જગતાપ,રાજપીપળા

અરવલ્લી જિલ્લાના વિસ્તારના જાહેર સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ફરજિયાત

મોડાસા

ગુમચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા રાજ્ય/દેશની વિવિધ જગ્યાઓએ અસામાજિક તત્વો દ્વારા શ્રેણીબદ્ધ બોમ્બ ધડાકાઓ કરી જાનહાની કરવામાં આવે છે તેમજ મંદિરો મકાનો વગેરે ચલાવવામાં આવે છે. આ પ્રકારની અસામાજિક ત્રાસવાદી પ્રવૃતિઓ કરવા વાહનો, હાઇવે પરની હોટલોનો ઉપયોગ કરવામાં આવે છે.

અરવલ્લી જિલ્લાન અડીને રાજસ્થાન રાજ્ય,ખેડા, સાબરકાંઠા, મહીસાગર જિલ્લાઓ આવેલા છે. આ પ્રકારના ગેરકાયદેસર પ્રવૃતિઓ અટકે તે માટે હાઇવે પરના પેટ્રોલ પંપ, હોટલો તેમજ ટોલ પ્લાઝા પર સી. સી. ટી. વી. કેમેરા ફરજિયાત મૂકવાના છે. આર. જે. વલવી. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અરવલ્લી ફોજદારી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના હદ વિસ્તારમાં આ પ્રમાણે અમલવારી કરવી હાઇવે પર આવેલ તમામ હોટલ,ગેસ્ટહાઉસ,તમામ પેટ્રોલ પંપ અને તમામ ટોલ પ્લાઝા ઉપર સી. સી. ટી. વી. કેમેરા (નાઇટ વિઝન તથા હાઇ ડેફિનેશન) વિથ રેકોર્ડીંગ સિસ્ટમ સહિતના રાખવાના રહેશે. એસ. ટી. સ્ટેન્ડ,એસ. ટી. ડેપો, રેલવે સ્ટેશન, મદિરો હોસ્પિટલો, એ. ટી. એમ. સેન્ટરો,મળતી પ્લેક્ષ થિયેટરો, કોમર્શિયલ સેંતઓ, શોપિંગ મોલ તેમજ મોટી જન મેદની એકત્ર થતી હોય તેવા કાર્યક્રમના સ્થળોએ આવવા જવાના તથા મેદની જોઈ શકાય તે રીતની યોગ્ય સુરક્ષા માટે સી. સી.ટી. વી. કેમેરા લગવવાના રહેશે. જિલ્લામાં આવેલ સોના ચાંદીની દુકાનો,બેંક શરાફી મંડળી(નાણાં ધીરધાર કરનાર સંસ્થા) આંગડિયા પેઢીમાં સી. સી. ટી. વી. કેમેરા મૂકવાના રહેશે.

સી. સી. ટી. વી. કેમેરા રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા નક્કી કરેલ ગુણવત્તા વાળા “image-colour, image-sensor, 1.3 “minium. Support-TCP IP and remote monitoring. Resolution-600 TVI. Min. with back light compensation and night vision capability.” વાળા રાખવાના રહેશે. તથા તેનું રેકોર્ડીંગ દિન-૧૫ સુધી જળવાઈ રહે તે રીતની સિસ્ટમ રાખવાની રહેશે. આ હુકમ તા.૧૬ એપ્રિલ ૨૦૨૧ થી ૧૪ જુન ૨૦૨૧ સુધી ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

નર્મદાના નાની બેડવાણ ગામેથી એલોપેથીક મેડીકલ પ્રેકટીસ કરતો બોગસ તબીબ ઝડપાયો

રાજપીપલા, તા. ૨૧

નર્મદાના દેડીયાપાડા તાલુકાના નાની બેડવાણ ગામેથી એલોપેથીક મેડીકલ પ્રેકટીસ કરતો બોગસ તબીબ ઝડપાયો છે.

જેમાં એલોપેથીક ટેબલેટો, સીરપની બોટલો તથા પોઇન્ટ ચઢાવવાના બોટલો, સીરીંજનીડલો, એલોપેથીક મેડીકલ ૫ સાધન સામગ્રી સહિત કુલ્લે રૂ. ૩૮૯૭૬/-ના મુદ્દામાલ સાથે તબીબની ધરપકડ એલસીબી નર્મદા પોલીસે ધરપકડ કરી છે.

નર્મદા પોલીસ વડા હિમકરસિંહ માર્ગદર્શન અને સુચના મુજબ જીલ્લામાં કોવીડ-૧૯ મહામારીના કપરા સમય દરમીયાન બોગસ સર્ટીના આધારે તબીબી સારવાર કરતા ડોક્ટરોને ઝડપી પાડવાની સુચના મળતા એમ.બી ચૌહાણ, ઇ.ચા પોલીસ ઇન્સ્પેક્ટર એલ.સી.બી. નર્મદાએ સ્ટાફના માણસો સાથે પી.એચ.સી ગોપાલીયાના ડો.ભાવીનભાઇ

કેશવભાઇ વસાવા ને સાથે રાખી નાની બેડવાણ, બજાર ફળીયું દેડીયાપાડા ખાતે દેવીસીંગભાઇ સુરજીભાઇ વસાવાના મકાનમાં બાતમી હકિકતના આધારે રેડ કરતા ભગીરથ ફની બીસ્વાસ (રહે. નાની બેડવાણ બજાર ફળીયું, મુળ રહે. જંગલથોરી થેર, તા- ખટીમાં જી- ઉધમસિંગ નગર,ઉત્તરાખંડ) દવાખાનું ચલાવતો હોવાનું જણાઇ આવેલ.આ ઇસમને મેડીકલ ડીગ્રી કે સર્ટી અંગે પુછપરછ કરતાં સંતોષકારક જવાબ નહિ આપતા ધી ગુજરાત મેડીકલ પ્રેકટીશનર એકટ- ૧૯૬૩ની કલમ ૩૦ મુજબ એલોપેથીક ટેબલેટો, સીરપની બોટલો તથા પોઇન્ટ ચઢાવવાના બોટલો, સીરીંજનીડલો, એલોપેથીક મેડીકલ પ્રેકટીસ કરવા અંગેની સાધન સામગ્રી સહિત કુલ્લે રૂ ૩૮૯૭૬/ -ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી દેડીયાપાડા પોલીસ ને સોંપવામાં આવ્યો હતો.

તસવીર :દીપક જગતાપ,રાજપીપલા

અરવલ્લીમાં ટીફીન બોક્ષ,સાયકલ તથા ટુ વ્હીલર વાહન કોઈ પણ વ્યક્તિની દેખરેખ સિવાય જાહેર જગ્યાએ મુકવા પર પ્રતિબંધ

મોડાસા-

ભુતકાળમાં ગુજરાત રાજયમાં અમદાવાદ,મોડાસા શહેર (અરવલ્લી), તેમજ બેંગ્લોર, મુંબઈ અને દિલ્હી શહેરમાં આતંકવાદી સંગઠનો દ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવે છે. જે તમામ બનાવને જોતાં જાહેર જગ્યા ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર વાહન ઉપર ટીફીન બોક્ષ અથવા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવે છે. ભુતકાળમાં આ પ્રકારનો ટુ વ્હીલર વાહન ઉપર બોમ્બ બ્લાસ્ટનો બનાવ અત્રેના જિલ્લાના મોડાસા ખાતે પણ બનવા પામેલ હતો. આવા બોમ્બ વિસ્ફોટો જયાં લોકોની વધુ અવર જવર હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાયે કરવામાં આવે છે આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મુકી શકાય તે સારૂ અરવલ્લી જિલ્લાની જનતાએ સુરક્ષાની દ્રષ્ટિએ આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્ષ અગર અન્ય કોઈ સામાન સાથે તથા સાયકલ તથા ટુ વ્હીલર વાહન કોઈ પણ વ્યક્તિની દેખરેખ સિવાય જાહેર જગ્યાએ મુકવું હિતાવહ નથી જેથી આવા આતંકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા માટે જાહેર વ્યવસ્થા, શાંતિ સલામતી અને હિત જળવાઈ રહે તે માટે આર.જે વલવી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અરવલ્લી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના હદ વિસ્તાર માટે આથી આ પ્રમાણે અમલીકરણ કરવું ફરજિયાત બને છે અરવલ્લી જિલ્લામાં ટીફીનબોક્ષ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર સાધનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણીયાતી રીતે) બીન બીનવારસી મુકવા નહી. આવા ટીફીન બોક્સ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો બીનવાસી હાલતમાં મળી આવશે તો પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે. આ હુકમ તા.૧૬ એપ્રિલ ૨૦૨૧ થી ૧૪ જુન ૨૦૨૧ સુધી ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતતાની કલમ – ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

દેડિયાપાડા તાલુકાના મોવી હાઈવે રોડ ઉપર

પણગામ બસ સ્ટેન્ડ પાસે વળાંકમાં ટ્રક ચલાવતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો

રાજપીપળા, તા. ૨૧

દેડીયાપાડા તાલુકાના મોવી હાઈવે રોડ ઉપર પણ ગામ બસ સ્ટેન્ડ પાસે વળાંક ઉપર પલટી ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો.જેમાં તથા કેમિકલ પાવડરની થેલીઓને નુકસાન થયું હતું. આ અંગે અકસ્માત ગુનાની ફરિયાદ પોલીસમાં નોંધાઇ છે.આ અંગેની ફરિયાદ રહીમ શરીફ શાહ (રહે, ટવસા જી.અમરાવતી મહારાષ્ટ્ર) પોતે આરોપી બની ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત મુજબ ફરિયાદી તથા આરોપી ડ્રાઈવર રહીમ શરીફ શાહે તેના કબજાની ટ્રક નં. એમએચ ૪૦ બીજી ૪૬૨૯ અને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી દેડીયાપાડા મોવી હાઈવે રોડ ઉપર પણગામના બસ સ્ટેન્ડ પાસે સામેથી એક ટ્રક આવી જતાં તેની લાઇટ પડતા ટ્રકને રોડની સાઈડમાં દબાવતા જ ટ્રકની સ્પીડ વધારે હોઈ સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક રોડની સાઈડ પર પલટી ખાઈ ગઈ હતી. ટ્રકને તથા તેમાં ભરેલ માલ-સામાન તથા કેમિકલ પાવડર ની થેલીઓ ને નુકસાન પહોંચ્યું હતું પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ,રાજપીપળા

અરવલ્લી કોરોનાને હરાવવા સ્વયંભૂ લોકડાઉન તરફ

મોડાસામાં ૭ દિવસ સ્વૈચ્છીક લોકડાઉન,બાયડ-ધનસુરામાં સ્વૈચ્છીક લોકડાઉનની જાહેરાત

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો

મઠવાસ

અરવલ્લી જિલ્લામાં કોરોના સંક્રમણની ચેઇનને તોડવા માટે જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારો સ્વયંભૂ લોકડાઉનનો સહારો લઇ રહ્યા છે મોડાસા શહેર સહીત જીલ્લામાં કોરોના સંક્રમીત દર્દીઓની સંખ્યા રોકેટ ગતિએ વધવાની સાથે સતત લોકો ટપોટપ મોતને ભેટતા લોકોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે ત્યારે મોડાસા,બાયડ, ધનસુરા અને ભિલોડા સહીત અનેક ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણ પર નિયંત્રણ મેળવવા ૭ થી ૧૦ દિવસ સુધી સ્વૈચ્છીક લોકડાઉનની વેપારીઓ,ધંધાર્થીઓ અને વિવિધ વેપારી મંડળો દ્વારા બજાર સંપૂર્ણ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જીલ્લા પુરવઠા તંત્રએ પણ કોરોનાના સંક્રમણ ખાળવા ૧૦ દિવસ ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો બંધ રાખવાની જાહેરાત કરી છે જીલ્લામાં માર્કેટયાર્ડના વેપારીઓએ પણ ૭ થી ૩ દિવસ ખરીદી બંધ કરવાનો નિર્ણય લીધો છે આવશ્યક ચીજવસ્તુઓ વેચાણ યથાવત રહેશે

મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે મંગળવાર સાંજથી સાત દિવસ માટે સ્વંયભુ લોકડાઉન લગાવવામાં આવ્યું છે.તેમજ બાયડમાં ૨૨ એપ્રિલ થી ૩૦ એપ્રિલ સુધી અને ધનસુરામાં બુધવાર થી ૧૦ દિવસ સુધી સ્વયંભૂ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે ભિલોડામાં પણ તમામ બજારો સાંજે ૪ વાગ્યા પછી સંપૂર્ણ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે જીલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં લોકો સ્વૈચ્છીક લોકડાઉનની અમલવારી કરી રહ્યા છે

મોડાસા,બાયડ,ધનસુરા,ભિલોડા

કોરોનાનું સ્તર ચિંતાજનક રીતે વધી રહ્યું છે તમામ સ્થળોએ ભારે ભીડ ઉમટતી હોવાની સાથે સોશ્યલ ડિસ્ટન્સ પણ નહિ જાળવતા વેપારીઓ અને વિવિધ સંસ્થાઓએ સ્થાનીક પ્રશાસન તંત્ર સાથે બેઠક યોજી સ્વૈચ્છીક લોકડાઉન જાહેર કરી કોરોનાની ચેન તોડવા માટે અને લોકોની સુખાકારી માટે નિર્ણય લેવામાં આવ્યો છે.

માણાવદર પંથકના ખેડૂતોને પાક વિમો આપવામાં સરકારના ઠાગા ઠૈયાથી સરકાર સામે ખેડૂતોનો રોષ

માણાવદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ લાડાણીએ મુખ્યમંત્રી તથા કૃષિમંત્રી આર.સી.ફળદુને એક પત્ર પાઠવી જણાવ્યું છે કે ગુજરાત રાજયના ખેડૂતોને સને ૨૦૧૯-૨૦ ૨૦ ના વર્ષમાં જે પાકોને પાક વીમા યોજના હેઠળ આવરી લીધા છે અને તેનું ક્રોપ કટિંગ પણ થયેલ હતું જેને આજે દોઢ વર્ષ જેવો સમય થવા આવ્યો છે છતાં પણ સરકારે ગુજરાતમાં ૨૦૧૯- ૨૦ ૨૦ વર્ષના પાક વીમા બાબતે કોઈ આંકડા આપેલ નથી

માણાવદર તાલુકાના ખેડૂતોને ગત વર્ષમાં મગફળી ક્રોપ કટિંગ ના આંકડા જોતા માણાવદર પંથકના ખેડૂતોને વીમો મળે તેમ હતો તો સરકાર શા માટે હજી સુધી મૂંગી થઈને બેઠી છે? સરકાર તાકીદે અસરથી આ અંગેના આંકડા જાહેર કરી લાભાર્થીને મળવાપાત્ર પાક વીમો ચૂકવી આપે સરકારની ઢીલી નીતિને કારણે ખેડૂતો સરકારથી નારાજ છે એમ અરવિંદભાઈ લાડાણી એ જણાવ્યું છે.અહેવાલ - જીગ્નેશ પટેલ માણાવદર

રાજપીપલા કોવિડ-૧૯ હોસ્પિટલમાં

૧ હજાર લીટરની બે ટેક અને ૨૫૦ લીટરની બે ટેક સહિત કુલ-૨૫૦૦ લીટરની ક્ષમતા ધરાવતી ઓક્સિજન ટેક આવી

રાજપીપલા, તાર૧

રાજપીપલા કોવિડ-૧૯ હોસ્પિટલમાં૧ હજાર લીટરની ક્ષમતા ધરાવતી બે ટેક અને ૨૫૦ લીટરની ક્ષમતા ધરાવતી બે ટેક સહિત કુલ-૨૫૦૦ લીટરની ક્ષમતા ધરાવતી ઓક્સિજન ટેક આવતા કોરોના દર્દીઓ માટે રાહત થઈ છે

રાજપીપલા કોવિડ-૧૯ હોસ્પિટલમાં કોરોના દરદીઓને ઓક્સિજનની કોઈ તકલીફ ન પડે તે માટે જિલ્લા કલેકટરડી. એ. શાહના માર્ગદર્શન હેઠળ આરોગ્યતંત્ર દ્વારા સુચારુ વ્યવસ્થા કરવામાં આવી છે. જેના ભાગરૂપે ગઈકાલે સિવીલ હોસ્પિટલ ખાતે ઓક્સિજનની ટેક આવી પહોંચી છે જેથી દરદીઓને સારવારમાં હવે રાહત રહેશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, જેમાં ૧ હજાર લીટરની ક્ષમતા ધરાવતી બે ટેક અને ૨૫૦ લીટરની ક્ષમતા ધરાવતી બે ટેક સહિત કુલ- ૨૫૦૦ લીટરની ક્ષમતા ધરાવતી ઓક્સિજન ટેક હાલ ઉપલબ્ધ થઈ છે .તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.